## અમે પૂછ્યું – અમને તમારી ટીમ વિશે કહો.

**એક છોકરી :** શરૂઆતમાં અમને મેદાનમાં રમવા જવાનું થોડું વિચિત્ર લાગ્યું. કારણ કે, છોકરીઓની ટીમ તરીકે અમારી ટીમ પહેલી હતી. અમે જ્યારે મેદાનમાં રમતાં ત્યારે લોકો અમને જોવા આવતાં. તેઓ જિજ્ઞાસુ હતા કે છોકરીઓ વળી કેવી રીતે બાસ્કેટબૉલ રમતી હશે! હવે તેઓને નવાઈ જેવું લાગતું નથી. તેઓએ સ્વીકારી લીધું છે કે છોકરીઓ પણ સારી રીતે બાસ્કેટબૉલ રમી શકે છે.

**અફસાના :** અમે જ્યારે પહેલીવાર રમવાનું શરૂ કર્યું ત્યારે હું અગિયાર વર્ષની હતી. તે સમયે અમને કોઈ જગ્યાએ મૅચ રમવા જવાની છૂટ ન હતી. તેનાં હવે બે વર્ષ થઈ ગયાં છે. હવે અમે બીજી જગ્યાએ પણ મૅચ રમવા જઈએ છીએ. પરંતુ આ બધું ફક્ત અમારી સખત મહેનત અને કોચની તાલીમના લીધે શક્ય બન્યું.

**બીજી છોકરી :** હા, અમે સાચે જ સખત મહેનત કરી છે. કોચ ખૂબ જ કડક છે. અમે પહેલાં સાથે દોડીએ છીએ અને પછી કસરત કરીએ છીએ. રમત સારી રીતે કેમ રમાય તે કોચ અમને શીખવે છે. બૉલ અમારી પાસે કેવી રીતે રાખવો, બૉલ કેવી રીતે આપણી ટુકડીના ખેલાડીને આગળ પાસ કરવો, બૉલ લઈને કોર્ટ પર ઝડપથી દોડવું. સામેની ટુકડીના ખેલાડીને ટાળીને બૉલ બાસ્કેટમાં કેવી રીતે નાખવો તથા 'ગોલ-પ્રાપ્તાંક' કેવી રીતે વધારવો તેનો અમે ખૂબ જ અભ્યાસ કરતા હતા.

**આફરિન :** કોચ કહે છે, "જ્યારે રમતાં હોય ત્યારે એવું નહિ વિચારવાનું કે તમે છોકરીઓ



છો. ખેલાડીની જેમ રમો. જો તમને થોડી ઈજા થઈ હોય તો પણ રમવાનું ચાલુ રાખો." અમે એકબીજાને ટેકો આપતાં અને કહેતાં – "ચલો ઊઠો, તમને સારું થઈ જશે!" હવે અમારી રમત ખૂબ જ સુધરી છે. દરેક જણ કહે છે કે અમે ખૂબ સરસ રમીએ છીએ.

**શિક્ષક માટે :** વર્ગમાં બાળકોનાં જુદાં-જુદાં જૂથ બનાવી તેઓને જુદી-જુદી રમતો રમવાની તક આપો. બાળકોને ટીમ માટે રમવા પ્રેરિત કરો, નહિ કે પોતાના માટે.

**એક છોકરી :** અમે છોકરાઓની ટુકડી સાથે પણ રમીએ છીએ અને તેમને હરાવીએ પણ છીએ.



**ચર્ચા કરો :**

- તમારી શાળા કે પડોશમાં શું છોકરાઓ અને છોકરીઓ જુદાં જુદાં પ્રકારની રમતો રમે છે ? જો હા, તો છોકરાઓ કઈ રમતો રમે છે અને છોકરીઓ કઈ રમતો રમે છે ?
- શું તમે વિચારો છો કે જુદી જુદી રમતોને છોકરાઓ અને છોકરીઓ જે રીતે રમે છે તેમાં કોઈ તફાવત છે ?
- છોકરાઓ અને છોકરીઓની રમતો જુદી જુદી હોવી જોઈએ ? તમે શું વિચારો છો ?

## અમે કહ્યું – તમારી ટીમ વિશે વધારે કહો

**એક છોકરી :** અમારી ટીમ ખાસ છે. અમારી ટીમમાં એકતા સારી છે. જો અમે ઝઘડો પણ કરીએ, તો પણ તરત જ એક થઈ જઈએ અને ઝઘડા વિશે ભૂલી જઈએ. અહીં અમે કેવી રીતે સાથે રહેવું અને રમવું તે શીખ્યા.

અમારી ટીમની થોડી છોકરીઓને મુંબઈની ટીમમાં રમવાની તક પણ મળી છે. – મૅચ સોલાપુર હતી.

**ઝરીન :** જ્યારે અમે સોલાપુર ગયા અમે જોયું કે ટીમમાં જુદાં જુદાં રાજ્યોની છોકરીઓ હતી. તેઓ અમારી સાથે સારી રીતે વાત કરતી ન હતી અને અમને ઊતરતી કક્ષાની સમજી વર્તતી હતી. તેઓ અમને સરખી રીતે રમવાની તક પણ નહોતી આપતી. અમને ખૂબ જ ખરાબ લાગતું હતું. તે ટીમના ખેલાડીઓમાં જરાય પણ સહકાર જેવું ન હતું.

**શિક્ષક માટે :** જો શક્ય હોય તો બાળકોને સમજાવવા પ્રયત્ન કરો કે ખેલાડીઓ તેમની જાતિ અને આર્થિક સ્તરને બદલે તેમની રમવાની ક્ષમતાના આધારે ઓળખાય છે. એક સમયે રાષ્ટ્રના રક્ષણનું કામ પુરુષોનું જ સમજવામાં આવતું હતું. આજે દુનિયાના ઘણાં દેશોએ પોતાના સૈન્યમાં મહિલાઓનો સમાવેશ કર્યો છે. આપણા ઈતિહાસમાં પણ બહાદુરીથી લડનારી વિરાંગનાઓ જોવા મળે છે.


મૅચ દરમિયાન મેં બૉલ ટીમના એક સભ્ય સામે ફેંક્યો. પરંતુ તે પકડી શકી નહિ. તે મને લડવા લાગી, ભૂલ માટે મને જવાબદાર ઠેરવવા લાગી. આ બધી ગેરસમજમાં અમે મૅચ હારી ગયા. પરંતુ આવું ક્યારેય અમારી પોતાની ટીમમાં થયું ન હતું. જો કોઈની ભૂલના લીધે અમે બાસ્કેટ ચૂકી જઈએ તો અમે ગુસ્સો કરતા ન હતા. કહેતા, ''કંઈ વાંધો નહિ. ફરી વાર આપણે સારું કરીશું !'' એકબીજાને ટેકો આપવો એ ખૂબ મહત્ત્વનું છે, કારણ કે આપણે બધા ટીમનો એક ભાગ છીએ.



**આફરિન :** સોલાપુરમાં રમ્યા પછી અમને સમજાયું કે અમારી ટીમમાં શી ખાસિયત છે ? અમારી વચ્ચેનો સહકાર એ જ અમારી તાકાત છે. એ વાત અમે સમજ્યા અને એકબીજાને ટેકો આપવા લાગ્યા. જો અમારી ટીમમાં સહકાર ન હોય તો અમારી ટીમનો દરેક ખેલાડી કુશળ હોવા છતાં પણ અમે મૅચ હારી શકીએ. એક ટીમની જેમ રમવા માટે એકબીજાની તાકાત અને નબળાઈ સમજવી જરૂરી છે.



**લખો :**



- તમે શાળા કે શાળા બહાર ક્યારેય
  તમારા વર્ગની ટીમના ભાગ તરીકે રમ્યા છો ?
  તમે કોની સાથે રમ્યા છો ? તમે કઈ રમત રમ્યા છો ?
- પોતાના માટે રમવું અને ટીમ માટે રમવું એમાં શું તફાવત છે ?
- જ્યારે તમે ટીમમાં રમતા હો ત્યારે તમને પોતાના માટે રમવું ગમશે કે ટીમ માટે ? કેમ ?
- તમારી ટીમ અફસાના સોલાપુરમાં જે ટીમમાં રમી તેવી છે કે નાગપાડાની ટીમ જેવી છે ? કેવી રીતે ?


## અમે કહ્યું – તમે ઘણુંબધું કર્યું. હવે પછી શું ?




**અફસાના :** અમે સારું રમ્યા છીએ તેથી અમને ઘણીબધી જગ્યાએ રમવાની તકો મળી છે. અમે અમારા શહેર અને રાજ્ય માટે રમ્યા છીએ. અમને આશા છે કે ક્યારેક અમે અમારી સખત મહેનતથી અમારા દેશ માટે રમીશું.

હા, પછી અમે પણ ક્રિકેટના ખેલાડીઓની જેમ પ્રસિદ્ધ બની જઈશું !

અમે બધાં સારું રમવા માંગીએ છીએ. અમે અમારા વિસ્તાર અને દેશની કીર્તિ વધારીશું. અમે બતાવવા માંગીએ છીએ કે ભારતની છોકરીઓની ટીમ સુવર્ણચંદ્રક જીતી શકે! અમે આ સ્વપ્ન સાકાર કરીશું.





**ચર્ચા કરો :**

- તમે ક્યારેય શાળામાં કે તમારા વિસ્તારમાં કોઈ રમત કે સ્પર્ધામાં ભાગ લીધો છે ? તમને કેવો અનુભવ થયો હતો ?
- તમે કોઈ બીજી જગ્યાએ રમવા ગયા છો ? તે જગ્યા કેવી હતી ? તમને તે જગ્યાએ જવું કેવું લાગ્યું ?
- તમે ભારત અને બીજા દેશો વચ્ચે રમાતી મૅચ જોઈ છે ? કઈ ?

**શિક્ષક માટે :** બાળકોને ખેલાડીઓ કયા હોદ્દા કે ક્રમાંક પર રમે છે તેના કરતાં કેટલી નિષ્ઠાથી રમે છે તે સમજાવવું જરૂરી છે. જો ખેલાડી કોઈ પણ રમત રમે ત્યારે પૂરી લગનથી ભાગ લે તો તે તેની સાચી સિદ્ધિ હશે. તે અગત્યનું નથી કે તે કયા ક્રમાંક પર આવે છે. હકીકતમાં, ખેલદિલી વિનાની અને ક્રમાંક માટેની સ્પર્ધા ટાળવી જરૂરી છે.

- તમે કઈ કઈ રમતો રમો છો ?

_______________________________________________

- તમે જાણતા હોય, તેવા ખેલાડી અને તેમની રમતનાં નામ લખો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## અમે પૂછ્યું – શું તમને કોઈ તકલીફ પડી હતી ?

**ખુશનૂર :** સાચું કહું તો, અમને આ બધું સરળતાથી મળ્યું ન હતું. છોકરીઓ તરીકે રમત રમવાની શરૂઆત કરવી તે ખૂબ મુશ્કેલ હતું. અમારે અમારા પરિવારજનોને મનાવવાના હતા. એ માટે ઘણી વખત અમારે ઝઘડવું પણ પડતું. આજે પણ ઘણી છોકરીઓ આ રીતે રમી શકતી નથી. રમત તો ઠીક, પહેલાંના સમયમાં લોકો છોકરીઓને ભણવા પણ જવા દેતા ન હતા. મારી માતાને ઘણુંબધું કરવું હતું, પરંતુ તેને ક્યારેય તક મળી ન હતી. તેથી મારી માતા મને બધી પ્રવૃત્તિઓ જેવી કે રમવું, તરવું અને નાટકમાં ભાગ લેવો વગેરે માટે પ્રોત્સાહિત કરે છે.

**અફસાના :** અત્યારે પણ, અમે જેવી રમત પૂરી કરીએ કે તરત જ ઘરે જવું પડે છે. છોકરાઓ અહીં-તહીં જઈ શકે અને મોડે સુધી વાતો કરી શકે. કોઈ કંઈ જ કહેતું નથી. શાળાએથી આવ્યા બાદ, હું મારી માતાને બે-ત્રણ ઘરોની સફાઈમાં મદદ કરું છું, મારું ભણું છું અને પછી અહીં રમવા આવું છું. હું ઘરકામમાં પણ મદદ કરું છું. જો મારા ભાઈને ચા જોઈતી હોય અને તે પોતાના માટે ચા બનાવે તો માતા કહે, ''તેને ત્રણ બહેનો હોવા છતાં પણ કામ કરવું પડે છે.''


**એક છોકરી :** હવે, ઝરીનના નાનાભાઈને જુઓ. તે ફક્ત પાંચ જ વર્ષનો છે પરંતુ તે કહે છે, ''મમ્મી, તમે દીદીને શા માટે રમવા જવા દો છો ? તે મેદાનમાં આવી રીતે રમતાં સારી લાગતી નથી.'' તેની મમ્મીએ પૂછ્યું, જો તું રમવા જઈશ તો ? આ સાંભળી તેણે કહ્યું, ''હું છોકરો છું, હું તો અવશ્ય રમીશ જ!''

**અફસાના :** પરંતુ રમવું એ દરેક વ્યક્તિ માટે સારું છે. હવે અમને સમજાયું કે રમવાથી આપણને કેટલા ફાયદા થાય છે. મારે એટલા સારા ખેલાડી બનવું છે કે બીજા છોકરાઓ અને છોકરીઓ મારા જેવા બનવા ઇચ્છે (પ્રેરણા મેળવે).



**ચર્ચા કરો :**

- જો છોકરીઓને રમત રમવા દેવામાં ન આવે, ભણાવવામાં ન આવે અથવા તેમની પસંદના બીજાં કામ ન કરવા દેવામાં આવે તો શું થાય ? જો આવું છોકરાઓ સાથે થાય, તો તમને કેવું લાગે ?
- જો તમને કોઈ રમત અથવા નાટકમાં ભાગ લેવા દેવામાં ન આવે, તો તમને કેવું લાગે ?
- તમે કોઈ મહિલા ખેલાડી વિશે સાંભળ્યું છે ? તેમનાં અને તેઓ જે રમત રમે છે તેનાં નામ આપો.
- રમતગમત સિવાય બીજાં કયાં ક્ષેત્રોમાં સ્ત્રીઓને સ્વીકૃતિ મળી હોય, એવું તમે સાંભળ્યું છે ?
- શું આ સ્ત્રીઓ પુરુષો સમોવડી જણાય છે ? કેમ ?
- તમે એવી કોઈ સ્ત્રી કે છોકરીને જાણો છો કે તમે મોટા થઈને તેમના જેવા બનવા માગતા હોય ? (સમાજસેવિકા, કવિયત્રી, રાષ્ટ્રપ્રેમી, અવકાશયાત્રી)



**હવે શું ?**

**આફરિન :** મારે એટલું જ કહેવું છે કે જો તમારું પોતાના માટે કોઈ સ્વપ્ન હોય, તો તેને પૂરું કરવામાં તમારું ઉત્તમ યોગદાન આપો.

**ખુશનૂર :** જો તમારી કોઈ ઇચ્છા કે સ્વપ્ન હોય, તો તેની રજૂઆત કરવાની હિંમત રાખો. જો તમે એ અત્યારે નહિ કરો, તો પાછળથી તમને પસ્તાવો થશે.

**અમે કહ્યું – સમાચારપત્રમાં તમારા બધા વિશે લખ્યું હતું. હવે વિદ્યાર્થીઓ આ ચોપડીમાં તમારા વિશે વાંચશે. તમને કેવું લાગશે.**

**આફરિન :** અમે આ વાતથી એટલા ખુશ છીએ કે અમારી ખુશી વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી. અમને હવે એવું થાય છે કે અમારે અમારા ગામ/શહેર અને અમારા દેશને પ્રસિદ્ધ બનાવવા માટે સારું જ રમવું પડશે.

**બધી છોકરીઓ :** હા, અમારી પણ આ ઇચ્છા છે.

## કોચસાહેબ

આ ટીમ બનાવનાર કોચ - નૂરખાને અમને કહ્યું, ''મુંબઈનો આ વિસ્તાર ખૂબ જ ભીડવાળો છે. આ વિસ્તારમાં આ એક જ મેદાન છે. આ અમારું 'બચ્ચુખાન મેદાન' છે. અમારા વિસ્તારમાં મુસ્તફાખાન નામનો એક માણસ રહે છે. દરેક જણ તેનાથી ડરે છે. પરંતુ બાળકો તેને ખૂબ પ્રિય હતા, તેથી લોકોએ તેને બચ્ચુખાન નામથી બોલાવવાનું ચાલુ કર્યું. ત્યારે આ મેદાન ન હતું, તે ફક્ત કાદવવાળી જમીન હતી. બચ્ચુખાન બાળકોને રમતનો અભ્યાસ કરાવતો. અમે પણ તે બાળકોમાંના જ હતાં. બચ્ચુખાનની નિષ્ઠા અને અભ્યાસના કારણે આ વિસ્તારના ખેલાડીઓ બીજા દેશોની ટીમ સામે સ્પર્ધા કરવા સક્ષમ બન્યા. બચ્ચુખાનની જેમ મેં આ વિસ્તારનાં બાળકોને તાલીમ આપી છે. આજે અમારી ટીમમાં ઘણા એવા છે જેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમે છે. કેટલાકને તો અર્જુન પુરસ્કાર પણ મળ્યા છે.




નૂરખાને ચાલુ રાખ્યું - ''છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમે છોકરીઓની ટીમ પણ બનાવી છે. અમારી ટીમની છોકરીઓ મહારાષ્ટ્ર રાજ્ય માટે રમે છે. તેઓ સારી શિસ્તબદ્ધ રીતે રમે છે. અમારાં છોકરાઓ અને છોકરીઓ જુદાં-જુદાં કુટુંબમાંથી આવે છે. કેટલાંક ગરીબ ઘરનાં, તો કેટલાંક ધનવાન ઘરનાં છે. કેટલાંક ઉર્દૂ માધ્યમમાં અને કેટલાંક અંગ્રેજી માધ્યમમાં ભણે છે. પરંતુ એકવાર અહીં આવ્યા પછી તેઓ એક ટીમની જેમ વર્તે છે. એકતા એ અમારી ટીમનો જીવનમંત્ર છે.

## વિચારો અને લખો :

- સમાચારપત્રનો અહેવાલ કહે છે, ''અફસાના તેની માતાએ બનાવેલી જાતિની દીવાલને કૂદી ગઈ હતી.'' તમે 'જાતિ પૂર્વગ્રહ' (લિંગભેદ) દ્વારા શું સમજ્યા ? વિચારો અને તમારા શબ્દોમાં લખો.



### આપણે શું શીખ્યાં

- છોકરાઓ અને છોકરીઓ માટે રમતો અલગ હોવી જોઈએ ? તમે શું અનુભવો છો. વિચારો અને લખો.
- જો તમને તમારી ટીમના નેતા બનાવવામાં આવે, તો તમે તમારી ટીમને કેવી રીતે તૈયાર કરશો ?

# 18. હવે અમે ક્યાં જઈએ?

R6B4U6

## અનુજભાઈ

અનુજભાઈ દરવાજા પાસે તેમની દીકરી જિયા સાથે બેઠા હતા. તેઓ કૌશલની રાહ જોતા હતા. રાત થવા આવી હતી, પરંતુ કૌશલ ઘરે આવ્યો ન હતો. બે વર્ષ પહેલાં અનુજનું કુટુંબ સિન્દૂરી ગામથી મુંબઈ આવ્યું હતું. અહીં તેઓ ફક્ત એક દૂરના સંબંધીના કુટુંબને જાણતા હતા. તેમની મદદથી અનુજભાઈએ માછલી પકડવાની ફાટેલી જાળી સરખી કરવાનું કામ શરૂ કર્યું હતું. પરંતુ તેમને જે પૈસા મળતા તે પૂરતા ન હતા. તેઓને દવાના, ખાવાના, શાળાની ફીનાં પૈસા અને ઘરનું ભાડું ચૂકવવાનાં હતાં. અહીં તેઓએ પાણી પણ ખરીદવું પડતું હતું.



રાત્રિ થઈ ગઈ, પરંતુ કૌશલ ઘરે આવ્યો ન હતો. જિયા બારીમાંથી પડોશીના ઘરના ટીવી પર નૃત્ય જોતી હતી. પરંતુ અનુજને ટીવી જોવાનું મન ન હતું. તે વિચારોમાં ખોવાયેલો હતો. અહીં દરેક વસ્તુ કેટલી અલગ છે ?

દિવસ તો કામ કરવામાં જતો રહેતો. પરંતુ સાંજે જૂની યાદો તાજી થતી.



**વિચારો અને કહો :**

S6F9I1

- લોકોની ભીડમાં પણ અનુજને એકલું લાગતું હતું. તમને ક્યારેય આવું લાગ્યું છે ?
- કલ્પના કરો પોતાની જગ્યા છોડીને દૂર બીજે નવી જગ્યાએ રહેવા જવામાં કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ?
- અનુજના કુટુંબ જેવા લોકોએ શા માટે મોટાં શહેરોમાં આવવું પડે છે ?

## જૂના દિવસો યાદ આવે છે

અનુજનો જન્મ ગાઢ લીલાં જંગલો અને પર્વતો વચ્ચે ખેડી ગામમાં થયો હતો. તેમના લોકો અહીં ઘણાં વર્ષોથી રહેતા હતા.

અનુજના ગામમાં શાંતિ હતી, પણ મૌન ન હતું. ત્યાં કેટલા આનંદદાયક અવાજો હતા. જેમકે, વહેતી નદીનો ખળખળ અવાજ, વૃક્ષોનાં પાંદડાંનો ખખડાટ અને પક્ષીઓનો કલરવ. લોકો ખેતી કરતાં. તેઓ નજીકનાં જંગલમાં જતાં, સાથે વાતો કરતાં અને ગીતો ગાતાં તેમજ જંગલી ફળો, મૂળ અને સૂકાં લાકડાં એકઠાં કરતાં. વડીલો જોડે કામ કરતાં-કરતાં બાળકો પણ ઘણી વસ્તુઓ શીખતાં જેમકે - સાથે નૃત્ય કરવું, વાંસળી અને ઢોલ વગાડવા, માટીના અને વાંસના ઘડા બનાવવા, પક્ષીઓને ઓળખવાં અને તેમના અવાજની નકલ કરવી વગેરે. લોકો તેમના ઉપયોગ માટે જંગલમાંથી વસ્તુઓ એકઠી કરતાં. કેટલીક વસ્તુઓ તે નદીની પેલે પાર મોટા નગરમાં વેચી આવતાં. તે પૈસાથી તેઓ મીઠું, તેલ, ચોખા અને ક્યારેક થોડાં કપડાં ખરીદતાં હતાં.

આમ તો તે એક ગામ હતું પરંતુ લોકો ત્યાં એક મોટા પરિવારની જેમ રહેતાં હતાં. અનુજની બહેનનાં લગ્ન એ જ ગામમાં થયાં હતાં. સારા અને ખરાબ સમયમાં લોકો એકબીજાની મદદ કરતાં હતાં. વડીલો લગ્નો ગોઠવતાં અને ગામના ઝઘડા ઉકેલતાં હતાં.

અનુજ હવે ખડતલ યુવાન થઈ ગયો હતો. તે ખેતરમાં સખત મહેનત કરતો અને મોટી નદીમાંથી માછલાં પકડતો. તે અને તેના મિત્રો જંગલમાંથી ફળ, મૂળ અને ઔષધિય વનસ્પતિઓ તેમજ નદીમાંથી પકડેલી માછલીઓ વગેરે લઈને નગરમાં વેચવા જતા હતા. તહેવારના સમયે અનુજ તેની ઉંમરના છોકરા-છોકરીઓ સાથે નૃત્ય કરતો અને ઢોલ વગાડતો.



G5Y9S7



**કહો :**

- ખેડી ગામનાં બાળકો શું-શું શીખતાં હતાં ?
- તમે તમારા વડીલો પાસેથી શું શીખો છો ?
- અનુજે ખેડીમાં ઘણી બધી વસ્તુઓ શીખી. તેમાંની કઈ તેને મુંબઈમાં ઉપયોગી થઈ હશે ?
- તમે પક્ષીઓનો અવાજ રોજ સાંભળો છો ? ક્યાં ક્યાં ?
- તમે કોઈ પક્ષીના અવાજની નકલ કરી શકો છો ? નકલ કરીને બતાવો.
- તમે દરરોજ સાંભળતા હોય એવા અવાજ કયા છે, જે ખેડીના લોકો સાંભળતા નથી ?
- તમે મૌન અનુભવ્યું છે ? ક્યાં અને ક્યારે ?

**શિક્ષક માટે :** શાંત થઈને આસપાસના અવાજો સાંભળવાની પ્રવૃત્તિ કરાવવાથી બાળકોને શાંતિ અને મૌન વચ્ચેનો તફાવત સમજાવી શકાય છે. જ્યારે વર્ગનાં બધાં બાળકો ચૂપ થઈ જશે, ત્યારે વર્ગમાં શાંતિ થઈ જશે. પરંતુ તેઓ આસપાસના ઘણાંબધાં અવાજો સાંભળી શકશે. આમ કરવાથી શાંતિ હશે, મૌન નહિ.


## નદીની પાર

એક દિવસ ખેડી ગામના લોકોએ સાંભળ્યું કે નદી પર ખૂબ જ મોટો બંધ બંધાવાનો છે. આ માટે નદીનો પ્રવાહ રોકવા મોટી દીવાલ બનાવવામાં આવશે. ખેડી અને નજીકનાં ઘણાં ગામડાંઓનો વિસ્તાર પાણીની અંદર ડૂબી જશે. લોકોએ તેમનું ગામ અને જમીન, જ્યાં તેમના બાપદાદાઓ વર્ષોથી રહ્યા હતા તે છોડીને જવું પડશે.

થોડા દિવસો પછી સરકારી કર્મચારીઓએ પોલીસ સાથે ગામની મુલાકાત લેવાનું ચાલુ કર્યું. ગામનાં નાનાં છોકરાંઓએ પોલીસ પહેલીવાર જોઈ. થોડાં બાળકો તેમની પાછળ દોડવા લાગ્યાં. કેટલાંક તેમને જોઈને ડરી ગયાં અને રડવા લાગ્યાં. કર્મચારીઓએ નદી, ખેતરો, જંગલો અને ઘરોની લંબાઈ અને પહોળાઈનું માપ લીધું. તેઓએ ગામના આગેવાનો અને વડીલોની સભા બોલાવી. તેઓએ કહ્યું, ''નદીકિનારા પાસેનાં ગામોને ખસેડવાં પડશે. જે લોકો પાસે ખેડીમાં જમીન છે તેઓને નદીની પેલે પાર દૂર જગ્યા આપવામાં આવશે. તેઓના માટે ત્યાં શાળા, વીજળી, હૉસ્પિટલ, બસ, ટ્રેન વગેરેની વ્યવસ્થા થશે. તેઓ પાસે તે બધું હશે જે તેઓએ ખેડીમાં સ્વપ્નમાં પણ વિચાર્યું નહોતું.

અનુજનાં માતા-પિતા અને ગામના બીજા વડીલો તેમનું ગામ છોડવાથી ખુશ ન હતાં.

આ બધું સાંભળી, અનુજ પણ થોડો ગભરાઈ ગયો, પરંતુ તે ઉત્તેજિત પણ હતો. તે વિચારવા લાગ્યો કે લગ્ન પછી તે તેની પત્નીને નવા ગામના નવા ઘરમાં લઈ જશે. એવું ઘર જ્યાં તે ફક્ત એક બટન દબાવશે ને અજવાળું થશે અને નળ ખોલશે ને પાણી આવી જશે. તે શહેરમાં ફરવા અને નવી જગ્યાઓ જોવા બસમાં જઈ શકશે. જ્યારે બાળકો થશે ત્યારે તે તેઓને શાળાએ મોકલશે. તેઓ તેના જેવા અભણ નહિ રહે.






### ચર્ચા કરો અને કહો :

- અનુજના ગામનાં ઘણાં લોકો તેમની જમીન અને જંગલ છોડી જવા માટે સહમત ન હતાં. કેમ ? ઇચ્છા ન હોવા છતાં પણ તેમણે કેમ એ બધું છોડવું પડશે ?
- ખેડીમાં અનુજના પરિવારમાં કેટલા લોકો હતાં ? જ્યારે અનુજ તેના પરિવાર વિશે વિચારતો, ત્યારે કોણ કોણ તેના મનમાં આવતાં ?
- તમે તમારા પરિવાર વિશે વિચારો છો તો તમારા મનમાં કોણ કોણ આવે છે ?
- તમે તેવા લોકો વિશે સાંભળ્યું છે જેઓને તેમની જૂની જગ્યા છોડીને જવું ન હતું ? તેમના વિશે વાત કરો.
- તમે એવાં લોકોને જાણો છો જે ક્યારેય શાળાએ ગયાં જ નથી ? તમે એવી જગ્યા વિશે પણ જાણો છો, જ્યાં શાળા જ નથી ?



### અનુમાન કરો :

A5I6C9

- જ્યાં બંધ બનાવવામાં આવતો હોય, ત્યાં લોકોને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હશે ?
- ખેડી ગામનું ચિત્ર દોરો અને અનુજના સ્વપ્નના નવા ગામનું ચિત્ર દોરો. તેમની વચ્ચેના તફાવત વિશે ચર્ચા કરો. તમારા મિત્રોએ બનાવેલાં ચિત્રો પણ જુઓ.

## નવી જગ્યા

ઉનાળાની બપોર હતી. અનુજને તડકા અને ગરમ હવામાં ચક્કર આવી રહ્યા હતા. તેના પગ પાકા ડામરના રસ્તા પર દાઝી રહ્યા હતા. ત્યાં થોડો છાંયડો આપે તેવું એક પણ વૃક્ષ ન હતું. ફક્ત થોડાં ઘરો અને દુકાનો હતાં. અનુજ દવા ખરીદ્યા પછી તેના ઘરના રસ્તે જતો હતો. તેની પીઠ પર એક જૂનું ટાયર હતું.

**શિક્ષક માટે :** બંધના જુદાં-જુદાં પાસાંઓની બાળકો સાથે ચર્ચા કરો. તમે તમારા વિસ્તારના કે નજીકના કોઈ પણ બંધનું ઉદાહરણ લઈ શકો. બંધથી કેટલાક લોકોને ફાયદો થાય. પરંતુ કેટલાક માણસો માટે બંધ મુશ્કેલીઓ લાવે છે. આ બધી બાબતોની વર્ગખંડમાં ચર્ચા કરી શકાય.

આ દિવસોમાં તેણે તેનો ચૂલો આ રબરના જૂના ટાયરના નાના ટુકડાઓથી સળગાવવો પડે છે. તે ઝડપથી આગ લઈ લે છે અને બળતણનું લાકડું પણ બચી જાય છે. પરંતુ ટાયરના સળગવાથી આવતી ગંધ અને ધુમાડો ભયંકર હોય છે !

આ નવા સિંદૂરી ગામમાં તેઓએ દરેક વસ્તુ – દવાઓ, ખોરાક, શાકભાજી, બળતણનું લાકડું અને પ્રાણીઓના ખોરાક બધાં માટે પૈસા ખર્ચ કરવા પડે છે. તેઓને કેરોસીન ખરીદવું પોસાય તેમ નથી. આ બધા માટે પૈસા ક્યાંથી લાવવા ? આ બધું વિચારતો, અનુજ ઘરે પહોંચ્યો. પતરાંનાં છાપરાંવાળું ઘર ભઠ્ઠી જેવું ગરમ થઈ ગયું હતું. અનુજની પત્નીને ખૂબ તાવ હતો. તેની દીકરી જિયા તેના ભાઈ કૌશલને તેના ખોળામાં સુવડાવતી હતી. તેઓ પાસે ઘરમાં કોઈ વડીલ હતું નહિ. અનુજના માતાપિતા ખેડી ગામ છોડવા વિશે એટલાં દુઃખી હતાં કે તેઓ અહીં આવતાં પહેલાં જ મરી ગયાં.



સિંદૂરીમાં ફક્ત આઠ-દસ પરિવારો જ હતા, જેમને તે પોતાના કહી શકે, જેઓ તેના જૂના ગામના હતા. આખું ગામ છૂટુંછવાયું થઈ ગયું હતું અને લોકોને જ્યાં જગ્યા આપવામાં આવી તેઓ ત્યાં જતા રહ્યા.

આ ગામ અનુજે સ્વપ્નના ગામ વિશે વિચાર્યું હતું એવું ન હતું. ત્યાં વીજળી તો હતી પરંતુ દિવસમાં થોડો સમય જ રહેતી અને પછી વીજળીનું બિલ પણ ચૂકવવું પડતું. ત્યાં નળ તો હતા, પરંતુ પાણી મળતું નહિ !

આ ગામમાં અનુજને પતરાંનાં છાપરાંવાળી એક જ રૂમ મળી હતી. તેમાં પ્રાણીઓને રાખવાની જગ્યા ન હતી. તેને જમીનનો નાનો ટુકડો પણ મળ્યો હતો. પરંતુ તે ખેતીલાયક ન હતો. તે ખડકો અને પથ્થરોથી ભરેલો હતો. છતાં અનુજ અને તેનો પરિવાર સખત મહેનત કરતા હતા. પરંતુ તેઓ ખેતરમાં વધુ ઉગાડી શકતા ન હતા અને બિયારણ અને ખાતર લાવવાના પણ પૂરતા પૈસા ભેગા કરી શકતા ન હતા. ખેડીમાં લોકો વારંવાર બીમાર થતા ન હતા. જો કોઈ બીમાર પડે તો ત્યાં ઘણા એવા

હતા કે જેઓ જાણતા હતા કે કયા છોડમાંથી દવા બનાવી કેવી રીતે ઈલાજ થાય. લોકો આ દવા લીધા પછી રાહત અનુભવતા હતા. અહીં સિંદૂરીમાં હૉસ્પિટલ તો છે, પરંતુ ડૉક્ટર મળવા ખૂબ મુશ્કેલ છે અને પૂરતી દવાઓ પણ નથી.

અહીં શાળા છે, પરંતુ ખેડી ગામનાં શિક્ષકો બાળકોની જેવી સંભાળ રાખતાં તેવી સંભાળ અહીં રાખતા નથી. આ બાળકો નવી ભાષામાં ભણવામાં મુશ્કેલી અનુભવે છે. સિંદૂરી ગામના લોકો ખેડી ગામમાંથી આવેલા નવા લોકોનું સ્વાગત કરતા ન હતા. તેમની ભાષા અને રહેણીકરણી જુદાં હતાં. તેઓ ખેડીથી આવેલા લોકોને 'વણનોતર્યા મહેમાન' કહી એમની મજાક ઉડાવતા હતા. જે સ્વપ્ન તેણે જોયું હતું તેમાંનું કંઈ પણ સાચું ન હતું!

**લખો :**

- શું સિંદૂરી ગામ અનુજના સ્વપ્નના ગામ જેવું હતું ?
- તેને સિંદૂરી અને તેનાં સ્વપ્નનાં ગામ વચ્ચે શું તફાવત જોવા મળ્યો ?
- તમે ક્યારેય કોઈના ઘરે 'વણનોતર્યાં મહેમાન'ની જેમ ગયા છો ? તમને કેવું લાગ્યું ?
- જ્યારે તમારા ઘરે થોડા દિવસો માટે મહેમાન આવે છે ત્યારે તમારો પરિવાર શું કરે છે ?

## થોડાં વર્ષો પછી

અનુજ સિંદૂરીમાં થોડાં વર્ષ રહ્યો. તેનાં બાળકો પણ મોટાં થઈ ગયાં. પરંતુ અનુજનું દિલ અહીં સિંદૂરીમાં ન હતું. તે હજી પણ તેના જૂના ખેડી ગામને યાદ કરી રહ્યો હતો.

પરંતુ ત્યાં હવે ખેડી ન હતું. ત્યાં મોટો બંધ હતો તથા ખેડી અને તેની આજુબાજુ પાણીથી ભરેલું મોટું તળાવ હતું. અનુજે વિચાર્યું, ''જો આપણે 'વણનોતર્યા મહેમાન' કહેવાતાં હોઈએ, તો આપણે બીજી કોઈ જગ્યાએ જતાં રહીએ જ્યાં આપણાં સ્વપ્ન સાકાર થાય! અનુજે તેની જમીન અને પશુઓ વેચી દીધાં અને મુંબઈ આવી ગયો. અહીં તેણે તેના પરિવાર સાથે નવું જીવન ચાલુ કર્યું. તેનું ફક્ત એક જ સ્વપ્ન હતું કે તેનાં બાળકોને શાળાએ મોકલવાં, તેમને સારું ભવિષ્ય, સારું જીવન આપવું.

અહીં પણ બાબતો સરળ ન હતી. પરંતુ તેને આશા હતી બધું સારું થશે.



અનુજે તેના એક રૂમના ઝૂંપડાના સમારકામ માટે પૈસા બચાવવાનું ચાલુ કર્યું. તેનાં સગાંવહાલાં તેને કહેતા કે, ''આના પર પૈસા બરબાદ ન કર. કોને ખબર, આપણે અહીંથી પણ ખસવું પડે. મુંબઈમાં આપણા જેવા બહારના લોકો માટે કોઈ જગ્યા નથી.''

અનુજ ડરેલો અને ચિંતામાં હતો. તે વિચારતો, અમે સિંદૂરી માટે ખેડી છોડ્યું, પછી અમે સિંદૂરી છોડી મુંબઈ આવ્યા. જો અમારે અહીંથી પણ ખસવું પડશે તો અમે ક્યાં જઈશું ? આટલા મોટા શહેરમાં, મારા પરિવારને રહેવા માટે નાનીસરખી જગ્યા પણ નથી !!



**વિચારો :**

- અનુજભાઈ જ્યારે મુંબઈ જતા હતા ત્યારે શું વિચાર્યું હતું ? મુંબઈ વિશે તેમણે જે કલ્પના કરી હતી, શું મુંબઈ તેવું હતું ?
- તમારા વિચારે અનુજભાઈનાં બાળકો મુંબઈમાં કેવા પ્રકારની શાળામાં જતાં હશે ?

**શિક્ષક માટે :** બાળકો સાથે લોકોને 'વિસ્થાપિત કરવા' એટલે કે અન્ય સ્થળ પર ખસેડવા અને 'બદલી કરવી' - આ બંને પરિસ્થિતિમાં શું તફાવત છે, તેની ચર્ચા કરો. બંને પરિસ્થિતિમાં જુદાં-જુદાં પ્રકારની સમસ્યાઓ ઉદ્ભવે છે. વિકાસના નામે બંધ, પુલ, હાઈવે, ફૅક્ટરીઓ જેવા કેટલા મોટા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવે છે. પરંતુ શું આ બધાથી દરેકને લાભ થાય છે ? આ જીવંત સમસ્યાની સમાચારપત્રના અહેવાલ અને વાદ-વિવાદો સંબંધિત ચર્ચા કરો.

### શોધી કાઢો અને લખો :

- તમે એવા કોઈ પરિવારને જાણો છો કે જેઓ તેમની જગ્યાએથી તમારા ગામ કે શહેરમાં રહેવા આવ્યા હોય ? તેઓની સાથે વાત કરો અને શોધો :
  - તેઓ ક્યાંથી આવ્યા છે ? તેઓને અહીં શા માટે આવવું પડ્યું છે ?
  - તેઓ ત્યાં કેવા પ્રકારની જગ્યામાં રહેતા હતા ? આ નવી જગ્યા જૂની જગ્યાની સરખામણીમાં તેઓને કેવી લાગી ?
  - શું તેમની ભાષા અને રહેણીકરણી અહીંના લોકો કરતાં જુદી છે ? કઈ રીતે ?
  - તેમની ભાષાના થોડા શબ્દો શીખો અને તમારી નોટબુકમાં લખો.
  - જે તમે ન બનાવી શકતા હોય એવી કોઈ વસ્તુ બનાવવાનું તેઓ જાણે છે ? જો હા, તો શું ?
- તમે ક્યારેય શહેરની ઝૂંપડપટ્ટી ખસેડાઈ હોય એવું વાંચ્યું કે સાંભળ્યું છે ? આ વિશે તમને કેવું લાગ્યું ?
- લોકોને તેમની નોકરીમાં બદલી મળે ત્યારે પણ તેઓ એક જગ્યાથી બીજી જગ્યાએ જાય છે. સ્થળાંતર પછી તેઓને કેવું લાગે છે ?



### ચર્ચા :

- કેટલાંક લોકો કહે છે કે - ‘‘શહેરના લોકો કચરો પેદા કરતાં નથી. શહેરો ઝૂંપડપટ્ટીના કારણે ગંદાં છે.’’ તમને આ વિશે કેવું લાગે છે ? તમારા વર્ગમાં ચર્ચા કરો.



### આપણે શું શીખ્યાં

- અનુજના પરિવારની જેમ હજારો પરિવાર મોટાં શહેરોમાં અનેક કારણોથી રહેવા આવે છે. શું તમે વિચારો છો તેમનું જીવન પહેલાં તે રહેતા હતા તેના કરતાં સારું થઈ શકે છે ? તેઓને મોટાં શહેરોમાં કેવું લાગતું હશે ? કલ્પના કરો.

# 19. બીજ કહે છે ખેડૂતની વાર્તા

M2T1I6

## હું બાજરીનું નાનકડું બીજ છું


ઘણાં વર્ષો પહેલાં ઈ.સ. 1940માં મને એક લાકડાંની સુંદર પેટીમાં રાખવામાં આવ્યું હતું. મારે તમને મારી વાર્તા કહેવી છે. આ વાર્તા મારા એકલાની નથી પણ મારા ખેડૂતભાઈ - દામજીભાઈ અને તેમના પરિવારની છે. જો હું આજે મારી વાત નહિ કહું, તો પછી ક્યારેય નહિ કહી શકું.

મારો જન્મ ગુજરાતના વાનગામમાં થયો હતો. તે વર્ષે બાજરીનો પાક ખૂબ સારો થયો હતો. ગામમાં ઉત્સવ જેવું વાતાવરણ હતું. અમારો વિસ્તાર અનાજ અને શાકભાજી માટે ખૂબ જાણીતો છે. દામજીભાઈ દર વર્ષે સારા પાકમાંથી થોડાં બીજ આગલા વર્ષ માટે અલગ રાખતા હતા. આ રીતે અમારા બીજનો વંશ આગળ ચાલતો. સુકાયેલી દૂધીને માટીનો લેપ લગાવી તેની અંદર સારાં બીજને રાખવામાં આવતા હતા. પરંતુ આ વર્ષે દામજીભાઈએ અમારાં બીજને રાખવા માટે નાનાં-નાનાં ખાનાંવાળી લાકડાંની મજબૂત પેટી જાતે બનાવી. અમને જીવજંતુથી સાચવવા માટે અમારી સાથે લીમડાંનાં પાંદડાં રાખવામાં આવ્યાં. બીજાં બીજમાં પણ લીમડાંનાં પાંદડાં મૂકવામાં આવ્યાં. જુદાં જુદાં બીજને જુદાં જુદાં ખાનાંમાં મૂકવામાં આવ્યાં.



તે સમયે દામજીભાઈ અને તેમના પિતરાઈ ભાઈઓ સાથે રહેતા હતા. તે ખૂબ મોટો પરિવાર હતો. ગામના લોકો એકબીજાની મદદ કરતાં. જ્યારે ખેતીનો પાક તૈયાર થઈ જતો ત્યારે બધાં ભેગાં મળી કામ કરતાં. સાથે-સાથે ઉત્સવ મનાવતાં. તે સમયના ખોરાકની તો વાત જ શું કરવી! શિયાળાનાં તાજાં શાકભાજીમાં મસાલા ભરી તેને એક માટલામાં ભરવામાં આવતાં. માટલાને ચુસ્ત રીતે બંધ કરવામાં આવતું. પછી કોલસાના અંગારામાં માટલાને ઊંધું મૂકી તેને પકવવામાં આવતું. આ ખાસ પદ્ધતિથી માટલામાં તૈયાર થયેલ શાકને 'દેશી ઊંધિયું' (ઊંબાડિયું) કહેવામાં આવે છે.

**શિક્ષક માટે :** પ્રકરણની શરૂઆત કરતાં પહેલાં વિદ્યાર્થીઓ પોતાના અનુભવ કહે તે માટે પ્રોત્સાહિત કરો. બાજરી એક ઉદાહરણ છે. વિદ્યાર્થીઓ પોતાના વિસ્તારમાં ઉગાડવામાં આવતાં પાક અને શાકભાજીમાં શું શું બદલાવ આવ્યો છે તે કહી શકે છે. તે માટે અવલોકન કરવા પ્રેરિત કરો.



ઊંધિયાની સાથે માટીના ચૂલા પર બનાવેલ બાજરીના રોટલા ખાવામાં આવે છે. 'કેવો અદ્ભુત સ્વાદ!' તેની સાથે ઘરમાં બનાવેલા માખણ, ઘી અને છાશ પણ હોય છે.

ખેડૂતો ઋતુ પ્રમાણે જુદાં જુદાં પ્રકારનાં અનાજ અને શાકભાજી ઉગાડે છે. ખેડૂતો પોતાની જરૂરિયાત પ્રમાણે અનાજ, શાકભાજી ઘરમાં રાખી, બાકીનાં શાકભાજી શહેરમાં વેપારીને વેચી દેતા હતા. અનાજ અને શાકભાજી સિવાય ક્યારેક કપાસ પણ ઉગાડવામાં આવતો. કપાસમાંના રૂને રેંટિયા ઉપર કાંતવામાં આવતું. તેમાંથી તૈયાર થયેલ સૂતરમાંથી કાપડ બનાવવામાં આવતું.

C2G6G7



**કહો :**

- શું તમારા ઘરમાં રોટલી બને છે ? તે કયા અનાજમાંથી બને છે ?
- તમે બાજરી કે જુવારના રોટલા ખાધા છે ? તમને કેવા લાગ્યા હતા ?
- ઊંધિયા જેવું શાક તમારે ત્યાં બનાવવામાં આવે છે ? તેમાં કયાં કયાં શાકભાજીનો ઉપયોગ થાય છે ?



**શોધી કાઢો અને લખો :**



- તમારા ઘરમાં અનાજ અને કઠોળનું જીવજંતુઓથી રક્ષણ કરવા શું કરવામાં આવે છે ?
- જુદી જુદી ઋતુઓમાં ખેતીને સંબંધિત કયા કયા તહેવાર ઉજવવામાં આવે છે ? તેમાંથી કોઈ પણ એક તહેવાર વિશે જાણકારી ભેગી કરીને લખો.

જેમકે, તહેવારનું નામ, તે કઈ ઋતુમાં ઉજવવામાં આવે છે, તે કયાં કયાં રાજ્યમાં ઉજવાય છે ? કઈ ખાસ પ્રકારની વાનગીઓ બનાવાય છે ? તે તહેવારને કેવી રીતે ઉજવવામાં આવે છે ? બધાં સાથે મળીને કે પોતપોતાના ઘરમાં ?

- તમારા પરિવારમાં વડીલો સાથે વાત કરો અને જો પહેલાં કોઈ ખાસ વાનગી બનાવાતી હોય જે અત્યારે બિલકુલ બનાવાતી નથી તેના વિશે જાણો.

- તમારા વિસ્તારમાં ઉગાડવામાં આવતાં અનાજ, કઠોળ અને શાકભાજીની યાદી તૈયાર કરો. આમાંથી કોઈ એવી વસ્તુ ઉગાડવામાં આવે છે, જે આજુબાજુના વિસ્તારમાં ખૂબ જાણીતી હોય ?




શું આ બીજને ઓળખો છો ?

## સમય બદલાયો

વર્ષો ગયાં, ગામમાં ઘણા બદલાવ આવતા ગયા. અમુક જગ્યાએ નહેર દ્વારા પાણી આવી ગયું. ખૂબ દૂર નદી ઉપર બંધ બાંધીને તે પાણી નહેર દ્વારા દૂર-દૂર સુધી પહોંચાડવામાં આવતું. પછી વીજળી પણ આવી. સ્વિચ પાડો એટલે અજવાળું જ અજવાળું. હવે ખેડૂતો ઘઉં અને કપાસ જેવાં પાક લેવા લાગ્યાં કારણ કે બજારમાં તેનો ભાવ સારો મળતો હતો. એટલે બીજાં પાક બાજરી, જુવાર અને શાકભાજી વાવવાનું બંધ કરી દીધું. હવે તો ખેડૂતો બીજ પણ બજારમાંથી ખરીદીને લાવે છે. લોકો કહે છે કે આ નવું બીજ છે. ઉત્પાદન સારું થાય છે. એટલે જૂનાં બીજ રાખવાની કોઈ જરૂર નથી.

હવે ગામનાં લોકો સાથે મળીને રાંધીને કોઈ ખાસ દિવસો પર જ સાથે જમતાં હતાં. જ્યારે તેઓ સાથે જમતાં - તેઓ જૂના દિવસો યાદ કરતાં કે તે સમયે ખેતરના તાજાં શાકભાજી અને અનાજમાંથી બનતો ખોરાક કેવો સ્વાદિષ્ટ હતો ! જ્યારે બીજ જ બદલાઈ ગયાં, તો ખોરાકનો તેવો સ્વાદ કેવી રીતે રહે !

દામજીભાઈ હવે વૃદ્ધ થઈ ગયા છે. તેમનો પુત્ર હસમુખ ખેતર અને પરિવારનું ધ્યાન રાખે છે. હસમુખ ખેતી દ્વારા ખૂબ જ પૈસા કમાય છે. તેણે જૂનું ઘર ફરી નવું બનાવડાવ્યું. તેણે ખેતી માટે નવાં નવાં યંત્રો ખરીદ્યાં. કૂવામાંથી પાણી કાઢવા મોટરપંપ લગાવ્યો. શહેરમાં જવા-આવવા માટે મોટરસાઇકલ ખરીદી. ખેતર ખેડવા માટે ટ્રેક્ટર પણ વસાવ્યું. બળદોને જે કામ કરતાં ઘણા દિવસ લાગતાં, તે કામ ટ્રેક્ટર એક જ દિવસમાં કરી શકે છે.



હસમુખ કહે છે, ''અમે ખેતી સમજી વિચારીને કરીએ છીએ. અમે ખેતરમાં એ જ ઉગાડીએ છીએ જેના ભાવ બજારમાં સારા મળતા હોય. ખેતીમાં થતાં નફાથી અમારું જીવનધોરણ સુધરે છે. અને ધીમે-ધીમે પ્રગતિ તરફ આગળ વધીએ છીએ.''

લાકડાંની પેટીમાં ભુલાઈને પડેલાં મને અને બીજાં બીજને શંકા હતી. શું આ પ્રગતિ છે ? અમે તો વિચારતાં જ રહી ગયાં. આ કેવી પ્રગતિ ? અમને અને બળદોને સાવ નકામાં કરી દીધાં. હવે ખેતરમાં ટ્રૅક્ટર આવી ગયું છે એટલે અમારી કોઈ જરૂર નથી. સાથે ખેતરમાં કામ કરતા લોકો પણ બેરોજગાર થઈ ગયા. તેઓ કયું કામ કરીને પૈસા કમાશે ? તેઓ શેના પર જીવશે ?





**ચર્ચા કરો :**

- બાજરીના બીજે દામજીભાઈ અને હસમુખની ખેતી કરવાની પદ્ધતિમાં તફાવત જોયો. (જેમકે, સિંચાઈ, ખેતર ખેડવું વગેરે) આ તફાવત કયા હતા ?
- હસમુખ કહેતો, ''ખેતરમાંથી થયેલા નફાથી અમે પ્રગતિ કરી શકીએ છીએ.'' 'પ્રગતિ'થી તમે શું સમજ્યા ?




**લખો :**

- તમે તમારા ગામ કે વિસ્તારની કેવા પ્રકારની પ્રગતિ જોવા ઇચ્છો છો ?

## વધુ અને વધુ ખર્ચાઓ

છેલ્લાં વીસ વર્ષોમાં તો વધુ બદલાવ આવ્યા હતા. ગાયો અને બળદો વગર, ખેતરમાં ખાતર માટે છાણ પણ હતું નહિ. હસમુખે મોંઘાં ખાતર ખરીદવાં પડતાં હતાં. નવાં પ્રકારનાં બીજ એવાં હતાં કે પાકને જીવજંતુઓ સરળતાથી નુકસાન કરતાં હતાં. પાકને જીવજંતુઓથી બચાવવા માટે દવાઓનો છંટકાવ પણ કરવો પડતો હતો.

**શિક્ષક માટે :** છેલ્લાં વર્ષોમાં ખેતી કરવામાં કેવા-કેવા ફેરફારો થતા ગયા ? તેના માટે કયાં કયાં કારણો હોઈ શકે તે બાળકોના અનુભવને આધારે ચર્ચા કરો. વર્તમાનપત્રમાં આવતા ખેતીના અહેવાલોનો પણ ઉપયોગ થઈ શકે.



અરે, તેની ગંધ કેવી ખરાબ છે અને હસમુખના મોટા ભાગના પૈસા દવા, ખાતર અને બિયારણ પાછળ ખર્ચ થવા લાગ્યા. નહેરનાં પાણી પણ ઓછાં થવાં લાગ્યાં. બધાં ખેડૂતો જમીનમાં ઊંડે સુધી બૉરવેલ કરી મોટરપંપથી પાણી ખેંચવા લાગ્યા. ખર્ચા ઉપર ખર્ચા વધતા ગયા. ખર્ચને પહોંચી વળવા માટે બૅન્કમાંથી લોન લેવામાં આવતી. જે નફો થતો તે લોન ભરવામાં જતો રહેતો. મોટાભાગના ખેડૂતો કપાસની ખેતી કરતા હતા. એટલે કપાસના ભાવ પહેલા જેવા ઊંચા ન હતા. જમીન પણ પહેલાં જેવી ન હતી. એકનો એક જ પાક લેવાથી તથા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગથી જમીનને એટલું નુકસાન થયું હતું કે હવે ત્યાં કંઈ સારું ઊગી શકે તેમ ન હતું. ફક્ત ખેતી પર ગુજરાન ચલાવવું હવે ખૂબ જ મુશ્કેલીભર્યું બન્યું હતું.

હસમુખ હવે પહેલા જેવો નથી રહ્યો. તે સતત ચિંતામાં અને ગુસ્સામાં રહેતો. તેનો ભણેલો દીકરો પરેશ ખેતી કરવા માંગતો નથી. બૅન્કની લોન પૂરી કરવા તે ટ્રકનો ડ્રાઇવર બની ગયો. તે ઘણી વખત મોડી રાત સુધી ઘરે ન આવતો. ક્યારેક ત્રણ-ચાર દિવસ સુધી બહાર રહેતો. એક દિવસ તે ઘરમાં કંઈક શોધી રહ્યો હતો. તેણે તેની માતાને પૂછ્યું, ''બા, દાદાજીની લાકડાની પેટી, જેમાં બીજ રાખતા હતા તે ક્યાં છે ? તે ટ્રકનાં સાધનો મૂકવા કામ લાગશે.'' હવે તમને સમજાયું ને, મેં શા માટે મારી વાર્તા કહી ?



**ચર્ચા કરો અને વિચારો :**

- હસમુખના ખેતરનું થોડાં વર્ષો પછી શું થઈ શકે છે ?

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓ પ્રગતિ અને વિકાસ વિશે શું સમજ્યા. આ બાબત વિદ્યાર્થીઓ પોતાના શબ્દોમાં વિચારી શકે તે માટે પ્રોત્સાહિત કરો. આ સાથે દુનિયામાં થઈ રહેલી ચર્ચાઓને પણ જોડવી. જેમકે વિકાસશીલ દેશોમાં ખેડૂતોની જરૂરિયાતો, પરંપરાગત બિયારણ, ખેતીને બચાવવાના ઉપાયો, કુદરતી ખાતરો તથા દવા વગેરે ઉપર કોનો અધિકાર - ખેડૂતોનો કે મોટીમોટી વિદેશી કંપનીઓનો ?

- દામજીભાઈના દીકરા હસમુખે તેના પિતાજીની જેમ ખેડૂત બનવાનું પસંદ કર્યું. હસમુખનો દીકરો પરેશ ખેડૂત ન બનતાં ટ્રક ચલાવી રહ્યો છે. તેણે આવું શા માટે કર્યું ?
- બીજને લાગતું હતું કે હસમુખની સાથે જે થયું તે પ્રગતિ નથી. તમને શું લાગે છે ?
- શું તમારી આસપાસ એવા કોઈ બદલાવ થયા છે કે જેને ‘પ્રગતિ’ થઈ એવું કહેવું મુશ્કેલ હોય ? જો હા, તો તે બદલાવ કયા છે ?

T3Z6E8

## ચર્ચા કરો અને લખો :

- રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગવાળી ખેતીના ફાયદા અને ગેરફાયદા લખો.

______________________________

______________________________

- સજીવ ખેતીના ફાયદા લખો.

______________________________

______________________________

- વર્તમાનપત્રમાં આવતા ખેતી અને ખેડૂતો વિશેના અહેવાલો ભેગા કરો. ચાર્ટ પેપર ઉપર ચોંટાડો. તેના વિશે ચર્ચા કરો.

## પ્રૉજેક્ટ :

- તમારા મનમાં ખેતીને લગતા કયા કયા પ્રશ્નો ઉદ્ભવે છે ? જૂથમાં ભેગાં મળી પ્રશ્નો બનાવો અને જુદા-જુદા ખેડૂતોને મળીને જવાબ મેળવો. જેમકે, ખેડૂત વર્ષમાં કેટલી વખત પાક લે છે ? કયા કયા પાકની ખેતી કરે છે ? કયા ખાતર-દવા વાપરે છે ? પાકને કઈ રીતે અને કેટલું પાણી આપે છે ?
- તમારી આસપાસનાં ખેતર કે વાડીની મુલાકાત લો. તેનું અવલોકન કરો, ત્યાંના લોકો સાથે ચર્ચા કરો અને તેનો અહેવાલ તૈયાર કરો.

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓ આજની આધુનિક ખેતીથી પરિચિત થાય તે જરૂરી છે. પરંતુ આજની ખેતીથી આરોગ્ય, જમીન વગેરેને જે નુકસાન થઈ રહ્યું છે, તેના પર પ્રકાશ પાડવો ખૂબ જરૂરી છે. હાલના સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખી સજીવ ખેતીની ચર્ચા કરો.

ધોરણ 5 માં ભણતાં વિદ્યાર્થીઓએ ભાસ્કરભાઈની વાડીની મુલાકાત લીધી અને તેનો અહેવાલ લખ્યો. તમે પણ વાંચો.

## ભાસ્કરભાઈની વાડી (દહેરી ગામ)

અમે દૂરથી નાળિયેરનાં ઝાડ જોયા. બાપ રે! એક નાળિયેરનાં ઝાડ પર કેટલાં બધાં નાળિયેર! અમને લાગ્યું કે તે બજારના મોંઘા રાસાયણિક ખાતર-દવા વાપરતા હશે. પરંતુ વાડીમાં જોયું તો ખૂબ આશ્ચર્યચકિત થઈ ગયા. બધી જમીન પર સુકાયેલાં પાંદડાં, જંગલી છોડ અને ઘાસ પાથરેલું હતું.

કેટલાક છોડ ઉપર સુકાયેલી ડાળીઓ જોઈને લાગ્યું કે જીવજંતુ ખાઈ ગયા હશે. ક્યાંક-ક્યાંક રંગબેરંગી પાંદડાંવાળા છોડ જોયા. આવું કેમ થયું હશે ? ભાસ્કરભાઈએ કહ્યું કે આ ક્રોટોનનો છોડ છે. તેનાં મૂળ જમીનમાં ઊંડે સુધી જઈ શકતાં નથી. તેનાં પાંદડાં કરમાવા લાગે ત્યારે અમને ખબર પડી જાય કે તેમને પાણીની જરૂર છે.

તેમણે કહ્યું કે અમે ફૅક્ટરીમાં બનેલાં ખાતરનો ઉપયોગ કરતાં નથી. તેમની જમીન ફળદ્રુપ છે. કારણ કે લીલાં-સૂકાં પાંદડાં, ઘાસ સડવાથી અને અળસિયાંથી જમીન ખૂબ સારી બને છે. અમે ધ્યાનથી જોયું તો ઘણાંબધાં અળસિયાં જોવા મળ્યાં. ભાસ્કરભાઈએ જણાવ્યું અળસિયાં જમીનને અંદરથી ખોદ્યાં કરે છે. તેઓ જમીનમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતાં રહે છે. તેના કારણે જમીન પોચી બને છે. તેમના મળથી જમીન ફળદ્રુપ બને છે અને હવા તથા પાણી સરળતાથી જમીનમાં જઈ શકે છે.

પ્રવીણે શહેરમાં રહેતા પોતાના કાકા વિશે વાત કરી, તેમણે બગીચામાં એક ખાડો ખોદીને તેમાં અળસિયાં રાખ્યાં છે. રસોડામાં વધેલો ખોરાક, શાકભાજી અને ફળોની છાલ, પાંદડાં વગેરે તે ખાડામાં નાખે છે. અળસિયાં તે બધાને કુદરતી ખાતરમાં ફેરવી નાખે છે. તે ખાતર બીજા છોડવાઓને આપવામાં આવે છે. જેથી તેમનો વિકાસ સારો થાય છે અને તેમને બજારમાંથી ખાતર લાવવું પડતું નથી. જોયું ને, કેવી રીતે મફતમાં ખાતર તૈયાર થાય છે! પછી અમે વાડીમાં ઊગેલાં ફળો ખાધાં. કેવાં સ્વાદિષ્ટ ફળો હતાં! ખરેખર એક અલગ પ્રકારની ખેતી વિશે જાણીને ખૂબ મજા આવી.

જૂથના સભ્યો : પ્રફુલ, હંસા, કૃતિકા, ચિરાગ, પ્રવીણ વર્ગ-5(ક)



## બાજરીનાં બીજની સફર : ખેતરથી થાળી સુધી

## ચિત્રોને જુઓ. દરેક ચિત્રમાં તમે શું જોઈ શકો છો તે કહો :

ચિત્ર-1માં બાજરીનાં ડૂંડાં ખાંડણિયામાં રાખ્યાં છે. તેને સાંબેલા વડે ખાંડવામાં આવે છે. જેનાથી ડૂંડાંમાંથી દાણા અલગ પડી જાય છે. અલગ કરેલા બાજરીના દાણા તમે ચિત્ર-3માં જોઈ શકો છો. આજે આ કામ હાથથી નહિ પરંતુ મોટા થ્રેસરથી કરવામાં આવે છે. જેને આપણે ટૅક્નૉલૉજી કહીએ છીએ.

- ચિત્ર-1માં થડ કાપવામાં કઈ ટૅક્નૉલૉજીનો ઉપયોગ થઈ શકે ?

  ચિત્ર-4માં તમારા વિચારે ચક્કીમાં (ઘંટીમાં) શું થઈ રહ્યું છે ?

  ચિત્ર 5 અને 6માં કઈ પદ્ધતિથી કણક (બાંધેલો લોટ) તૈયાર કરવામાં આવ્યો હશે ?

ચિત્ર 1થી 9 જુઓ, વિચારો. અને તેના આધારે એક નોંધ તૈયાર કરો. અત્યારે લોટ કેવી રીતે દળવામાં આવે છે ?



## આપણે શું શીખ્યાં



- આપણા ખોરાકમાં ઘણાબધા બદલાવ આવ્યા છે તેવું કેવી રીતે કહી શકો છો ? બાજરીનાં બીજની વાર્તા અને વડીલો પાસેથી મળેલી જાણકારીના આધારે લખો.
- જો બધા ખેડૂતો એક જ પ્રકારનાં બીજ વાવે અને એક જ પ્રકારની ખેતી કરે, તો શું થાય ?

**શિક્ષક માટે :** આપણે ટેક્નોલૉજી શબ્દનો અર્થ ફક્ત મોટાં મશીનો કે યંત્રો પૂરતો સીમિત સમજીએ છીએ. પ્રક્રિયા કે રીત પણ ટેક્નૉલૉજી છે. જેના માટે આપણે તકનીકી શબ્દપ્રયોગ કરીએ છીએ. જેમકે લોટમાંથી કણક બાંધવી કે લોટને ઘૂંટવો, પણ તકનીકી છે. આ બાબતે વર્ગમાં ચર્ચા કરી સમજ કેળવવી. લોટને ચાળવો, ધીમે-ધીમે પાણી રેડતાં જઈ ઘૂંટતાં જવું. પછી કણક તૈયાર થઈ જાય ત્યારે બધો ભેગો કરી લેવો. આ બધું શબ્દોમાં વર્ણન કરવું મુશ્કેલ છે. પરંતુ પ્રક્રિયા તરીકે સમજવું ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓને તેમના શબ્દોમાં રજૂ કરવા પ્રોત્સાહિત કરો.

Q1Y8P5

# 20. જંગલો કોનાં ?

## જંગલની દીકરી

ચિત્રને જુઓ. તમે શું વિચારો છો, આ બાળકો લાકડી પર પોટલું બાંધીને ક્યાં જાય છે ? જ્યારે તમે જાણી લેશો ત્યારે તમે પણ તેમની સાથે જવા ઇચ્છશો !

બાળકો જંગલમાં જાય છે. ત્યાં તેઓ કૂદે, દોડે, વૃક્ષો પર ચઢે અને તેમની કુદુક ભાષામાં ગીતો ગાય છે. તેઓ નીચે પડેલાં ફૂલો અને પાંદડાંઓ હાર બનાવવા માટે ભેગાં કરે છે.


નીતિન ગુપ્તા

તેઓ જંગલી ફળોની મજા માણે છે. જેમના અવાજની તેઓ નકલ કરી શકે તેવા પક્ષીઓ શોધે છે. તેમની દીદી સૂર્યમણિ તેઓ સાથે આ બધામાં જોડાય છે.

દર રવિવારે સૂર્યમણિ બાળકોને જંગલમાં લઈને આવે છે. જેમ-જેમ તેઓ આસપાસ ફરે છે તે બતાવે છે કે તેમણે વૃક્ષો, છોડ અને પ્રાણીઓને કેવી રીતે ઓળખવા.

બાળકો જંગલની આ ખાસ મુલાકાત ખૂબ જ માણતા ! સૂર્યમણિ હંમેશાં કહેતી, ''વાંચતાં શીખવા માટે જંગલો પુસ્તકો જેટલાં જ મહત્ત્વનાં છે.'' તે કહે છે, ''અમે જંગલના (વનવાસી) લોકો છીએ. અમારું જીવન જંગલો સાથે જોડાયેલું છે. જો જંગલો ન હોય તો, અમે પણ રહી શકીશું નહિ.''

સૂર્યમણિની વાર્તા સત્ય વાર્તા છે. સૂર્યમણિ એ **'સ્ટાર ગર્લ'** છે. **'સ્ટાર ગર્લ'** એ એક યોજના છે, જે સામાન્ય છોકરીની અદ્ભુત વાતો કહે છે, જેઓએ તેમનું જીવન શાળાએ જઈ બદલ્યું છે.

**શિક્ષક માટે :** બાળકોને તેમના જંગલ વિશેના અનુભવો અને અનુમાનોની આપ-લે કરવા પ્રોત્સાહિત કરો. ફક્ત હજારો વૃક્ષો ઉગાડવાથી જંગલો બનતાં નથી. જંગલમાં છોડવાઓ, વૃક્ષો અને પ્રાણીઓ એકબીજાં પર ખોરાક, સુરક્ષા અને રહેઠાણ માટે કેવી રીતે નિર્ભર છે તેની ચર્ચા કરવી મહત્ત્વની છે.



**ચર્ચા કરો :**

- તમારા વિચારે જંગલ શું છે ?
- જો કોઈ એકબીજાની નજીક ઘણાં વૃક્ષો ઉગાડે, તો તે જંગલ બની જશે ?





**શોધી કાઢો અને લખો :**

- વૃક્ષો સિવાય જંગલમાં શું હોય છે ?
- શું બધાં જંગલોમાં એક જ પ્રકારનાં વૃક્ષો હોય છે ? તમે કેટલાં વૃક્ષો ઓળખી શકો છો ?
- સૂર્યમણિ કહે છે, ''જો જંગલો ન હોય, તો અમે પણ રહી શકીશું નહિ.'' આવું કેમ ?



નીતિન ઉપાધ્યાય



ઉગાડવું

સૂર્યમણિ બાળક હતી ત્યારથી તેને જંગલો પસંદ છે. તે શાળાએ જતાં શાળાનો સીધો રસ્તો પસંદ કરવાને બદલે જંગલનો રસ્તો પસંદ કરતી. સૂર્યમણિના પિતાને નાનું ખેતર હતું. તેનો પરિવાર જંગલમાંથી પાંદડાં અને છોડ ભેગાં કરી તેને બજારમાં વેચવાનું કામ કરતો હતો. તેની માતા વાંસમાંથી ટોપલીઓ કે નીચે પડેલાં પાંદડાંની થાળીઓ બનાવતી હતી. પરંતુ હવે કોઈ જંગલમાંથી એક પાંદડું પણ લઈ શકતા નથી.

જ્યારથી ત્યાં શંભુ નામનો ઠેકેદાર આવ્યો છે ત્યારથી બુધિયામાઈ સિવાય સૂર્યમણિના ગામના બધાં જ લોકો ઠેકેદારથી ડરતા હતા. તે કહેતાં, ''આપણે આ જંગલના લોકો છીએ અને આપણો તેના પર હક છે. આપણે આપણા જંગલનું ધ્યાન રાખીએ છીએ, આ ઠેકેદારની જેમ વૃક્ષો કાપતાં નથી. જંગલો આપણી 'સહિયારી બૅન્ક' છે - અમારી કે તમારી નથી. આપણે તેમાંથી જેટલું આપણને જોઈએ છે તેટલું જ લઈએ છીએ. આપણે આપણી બધી સંપત્તિ વાપરવાની નથી.''



**શિક્ષક માટે :** આ પ્રકરણની શરૂઆત કરતાં પહેલાં વનવાસીઓના જીવન અને તેમના જંગલો સાથેના આંતરસંબંધોની ચર્ચા કરવી ઉપયોગી રહેશે. ઠેકેદાર કોને કહેવાય અને તેનું કામ શું હોય છે ? તેની પણ ચર્ચા કરી શકાય. આ પ્રકરણ સૂર્યમણિની સત્યઘટના પર આધારિત છે અને તેની સંસ્થા આજે પણ કાર્યરત છે. તમારા વિસ્તારના આવાં લોકો અથવા આવી સંસ્થાઓની પણ ચર્ચા કરી શકાય છે, જેઓ જંગલ બચાવવાનાં કાર્યો કરે છે.

સૂર્યમણિના પિતા જમીનના નાના ટુકડા પર લાંબો સમય પરિવારને ચલાવી શકે તેમ ન હતા. કામની શોધમાં તે શહેરમાં આવી ગયા. પરંતુ પરિસ્થિતિ સુધરી નહિ. ઘણીવાર ઘરમાં ખાવાનું મળતું નહિ. તેવા સમયે મણિયાકાકા થોડું અનાજ તેમની નાની દુકાન પરથી સૂર્યમણિનાં ઘરે મોકલાવતા.

કાકાના સખત પ્રયત્નથી સૂર્યમણિને બિશનપુરની શાળામાં પ્રવેશ મળ્યો. અહીં તેમણે શાળાની ફી, ગણવેશ અને પુસ્તકો માટે પૈસા ચૂકવવાના ન હતા. સૂર્યમણિએ ત્યાં જ રહીને ભણવાનું હતું. સૂર્યમણિને તેનું ગામ અને જંગલ છોડવું ન હતું. પરંતુ મણિયાકાકા દૃઢ હતા. તેમણે તેને સમજાવ્યું. ''જો તું ભણીશ નહિ, તો શું કરીશ ? ભૂખી રહીશ ?'' સૂર્યમણિએ દલીલ કરી, ''મારે ભૂખ્યા કેમ રહેવું પડે ? જંગલ છે મને મદદ કરવા માટે !'' કાકાએ સમજાવવા પ્રયત્ન કર્યો, ''પરંતુ આપણને જંગલમાંથી હાંકી કાઢવામાં આવશે. અલબત્ત જંગલો લુપ્ત થઈ રહ્યાં છે. તેની જગ્યાએ ખાણો ખોદાઈ રહી છે, બંધો બંધાઈ રહ્યા છે. મારું માન, તારા માટે ભણવું અને કાયદાઓ વિશે સમજવું મહત્ત્વનું છે. કદાચ તે પછી તું આપણાં જંગલો બચાવવામાં મદદ કરી શકીશ.'' નાની સૂર્યમણિએ સાંભળ્યું અને તેમણે શું કહ્યું તે સમજવા થોડો પ્રયત્ન કર્યો.



## વિચારો અને લખો :

- તમે કોઈને જાણો છો જેને જંગલો પસંદ છે ?
- ઠેકેદાર સૂર્યમણિનાં ગામનાં લોકોને જંગલમાં જવા દેતો ન હતો ? કેમ ?
- તમારા વિસ્તારમાં કોઈ એવી જગ્યા છે જે તમને લાગે કે બધા માટે ખુલ્લી મૂકવામાં આવે, પરંતુ ત્યાં બધાં લોકોને જવા દેવામાં આવતા ન હોય ?



## ચર્ચા કરો :

- તમારા મતે જંગલો કોનાં છે ?
- બુધિયામાઈએ કહ્યું, ''જંગલો આપણી 'સહિયારી બૅન્ક' છે. ફક્ત અમારી કે તમારી નથી.'' એવી બીજી કઈ વસ્તુઓ છે જે આપણી સહિયારી મિલકત હોય ? તેથી જો કોઈ વધારે ઉપયોગ કરે, તો દરેકે ભોગવવું પડે ?''

## સૂર્યમણિની સફર

બિશનપુરની શાળા જોઈ સૂર્યમણિ આનંદિત થઈ ગઈ. શાળા ગાઢ જંગલોની નજીક હતી. સૂર્યમણિએ સખત મહેનત કરી અને શિષ્યવૃત્તિ મળ્યા બાદ તેણે બી.એ. પાસ કર્યું. બી.એ. કરનારી ગામમાં તે પહેલી છોકરી હતી. જ્યારે તે કૉલેજમાં હતી ત્યારે તે એક પત્રકાર વાસવીદીદીને મળતી. સૂર્યમણિ જલ્દી જ તેની સાથે 'ઝારખંડ જંગલ બચાઓ આંદોલન'ના કામમાં જોડાઈ.


નીતિન ઉપાધ્યાય

આ કામ સૂર્યમણિને ખૂબ દૂર નગરો અને શહેરોમાં લઈ ગયું. તેના પિતાને તે ન ગમ્યું. પરંતુ સૂર્યમણિએ કામ ચાલુ રાખ્યું. એટલું જ નહિ, તેણે ગામના લોકોના હક માટે પણ લડત ચાલુ કરી. તેના બાળપણના મિત્ર બિજોયે આ કામમાં તેની મદદ કરી.

સૂર્યમણિનો બીજો મિત્ર હતો – 'મિરચી'. જે દિવસ-રાત તેની સાથે રહેતો. સૂર્યમણિ તેનાં બધાં સ્વપ્નો અને વિચારોની તેની સાથે આપ-લે કરતી. મિરચી સાંભળે અને કહે, ''કીઈઈ-કીઈઈ.''

સૂર્યમણિનું કુદુક જાતિ માટે એક સ્વપ્ન હતું. તે તેના લોકોને વનવાસીઓ હોવા માટે ગૌરવ અનુભવાય તેવું ઇચ્છતી હતી.

U8C2J9

### વિચારો અને લખો :

- તમારે એવો કોઈ મિત્ર છે, જેની સાથે તમે બધું આપ-લે કરી શકો છો ?
- કેટલાંક લોકો જંગલોથી એટલા દૂર જતાં રહ્યાં છે કે તેઓ જંગલના લોકોનું જીવન સમજી શકતાં નથી. કેટલાંક તેમને 'જંગલી' કહે છે. આવું કહેવું શા માટે યોગ્ય નથી ?
- વનવાસીઓ કેવી રીતે રહે છે તેના વિશે તમે શું જાણો છો ? લખો અને ચિત્ર દોરો.
- શું તમારે વનવાસી મિત્ર છે ? તમે તેની પાસેથી જંગલો વિશે શું શીખ્યાં ?

**શિક્ષક માટે :** બંધ બાંધવા, રસ્તાઓ બનાવવા, ખાણોના ખોદકામની યોજનાઓ વગેરેની જરૂરિયાત તથા તેના નિર્માણ સાથે સંકળાયેલી સમસ્યાઓની ચર્ચા વર્ગમાં થવી જોઈએ. જમીનમાંથી પાણી, પેટ્રોલ કે ખનિજ મેળવવા માટે ખોદકામ કરવું કે વેપાર માટે દરિયામાંથી માછલીઓ પકડવી - આ બધાં આપણાં સામાન્ય સંસાધનો(સ્રોતો)નો ઉપયોગ કરવાનાં ઉદાહરણો છે. આ દરેક આજના સમયમાં મહત્ત્વના મુદ્દા છે, વિદ્યાર્થીઓ માટે તેની ચર્ચા કરવી અને સમજવું અગત્યનું છે.

## સૂર્યમણિનું 'તોરંગ'



નીતિન ઉપાધ્યાય

જ્યારે સૂર્યમણિએ વાસવી-દીદી અને બીજાઓની મદદથી કેન્દ્ર ખોલ્યું ત્યારે તે 21 વર્ષની હતી. તેણે તેને 'તોરંગ' કહ્યું. કુદુક ભાષામાં તેનો મતલબ જંગલ થાય છે. સૂર્યમણિ ઇચ્છતી હતી કે તહેવારો પર લોકો તેમનાં પોતાનાં ગીતો ગાય અને તેમનાં પારંપરિક કપડાં પહેરી મજા માણે. તેઓએ તેમનું સંગીત ભૂલવું જોઈએ નહિ. બાળકોએ પણ છોડવાઓમાંથી ઔષધિઓ અને વાંસમાંથી વસ્તુઓ બનાવવાની કલા શીખવાં જોઈએ. બાળકોએ શાળાની ભાષા શીખવી જોઈએ, પરંતુ તેમને તેમની પોતાની ભાષા સાથે જોડવાં જોઈએ. આ બધું 'તોરંગ' કેન્દ્રમાં થતું હતું. કુદુક જાતિ અને બીજી આદિવાસી જાતિઓ વિશે ખાસ પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો. વાંસળી અને જુદાં-જુદાં પ્રકારનાં તબલાં ત્યાં મૂકવામાં આવ્યાં.





જ્યારે પણ કોઈને અન્યાય થાય અથવા જો કોઈને ડર લાગે કે તેમની જમીન અને આજીવિકા લઈ લેવામાં આવશે, ત્યારે તેઓ સૂર્યમણિ પાસે આવતા. સૂર્યમણિ તેમના હકો માટે લડતી.

સૂર્યમણિ અને બિજોયે લગ્ન કરી લીધાં અને સાથે મળીને કામ કરે છે. આજે તેમનાં કામની ઘણાં લોકો દ્વારા પ્રશંસા કરવામાં આવે છે. તેને બીજા દેશોમાં પણ તેના અનુભવોની આપ-લે કરવા આમંત્રણ આપવામાં આવે છે. તેના વિસ્તારના લોકો પણ નવા જંગલના કાયદાઓ માટે તેમનો અવાજ ઉઠાવી રહ્યા છે.

### જંગલના હકનો કાયદો - 2007

જે લોકો જંગલોમાં ઓછામાં ઓછાં પચ્ચીસ વર્ષથી રહેતાં હોય તેઓનો જંગલની જમીન પર અને ત્યાં જે ઊગે તેના પર હક છે. તેઓને જંગલમાંથી કાઢી મૂકવા જોઈએ નહિ. જંગલોની રક્ષાનું કામ તેમની ગ્રામસભા દ્વારા થવું જોઈએ.



## વિચારો :

- તમે કોઈ એવી વ્યક્તિને જાણો છો જે જંગલો બચાવવા કામ કરે છે ?
- તમારું સ્વપ્ન શું છે ? તમે તમારું સ્વપ્ન સાકાર કરવા શું કરશો ?
- સમાચારપત્રોમાંથી જંગલો વિશે અહેવાલ ભેગા કરો. શું તમને એવા કોઈ સમાચાર મળ્યા કે વૃક્ષોને કાપવાથી વાતાવરણ પર શું અસર થાય છે ? કેવી રીતે ? ચર્ચા કરો.
- 'તોરંગ'માં સૂર્યમણિ કુદુકના સંગીત, નૃત્ય અને પરંપરાને જીવંત રાખવા ઘણુંબધું કરે છે. શું તમે પણ સમાજ માટે આવું જ કંઈક કરવા માંગો છો ? તમે શું જીવંત રાખવા માંગો છો ?




## વાંચો અને કહો :

- ઓડિશાની ધોરણ 10ની છોકરી સીખ્યાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો. આ પત્રનો ભાગ વાંચો.

મા. મુખ્યમંત્રીશ્રી,

અમારા જેવા વનવાસીઓ માટે જંગલ બધું જ છે. અમે એક દિવસ માટે પણ જંગલોથી દૂર રહી શકતાં નથી. સરકારે વિકાસના નામ પર ઘણી બધી યોજનાઓ જેવી કે બંધ અને ફૅક્ટરીઓ બાંધવી વગેરે ચાલુ કરી છે. જંગલો જે અમારાં છે તે અમારી પાસેથી લઈ લેવામાં આવ્યાં છે. આ બધી યોજનાઓના કારણે અમને વિચારવાની જરૂરિયાત ઊભી થઈ કે જંગલનાં લોકો ક્યાં જશે અને તેમની આજીવિકાનું શું થશે ? જો જંગલો જ નહિ હોય, તો જે લાખો પ્રાણીઓ જંગલોમાં રહે છે તેઓ ક્યાં જશે ? આપણે આપણી જમીન ઍલ્યુમિનિયમ જેવા ખનિજ માટે ખોદીશું, તો શું બાકી રહેશે ? ફક્ત પ્રદૂષિત હવા, પાણી અને માઈલો સુધી વેરાન જમીન...

- તમારા વિસ્તારમાં કે આજુબાજુ કોઈ ફૅક્ટરી અથવા કોઈ બાંધકામ ચાલુ છે ? કેવા પ્રકારનું કામ છે ?
- ફૅક્ટરીના કારણે વૃક્ષો અને જમીન પર કોઈ અસર થઈ છે ? તે વિસ્તારના લોકોએ આ મુદ્દા પર અવાજ ઉઠાવ્યો છે ?




## નકશામાં જુઓ અને લખો :

- નકશામાં શું બતાવવામાં આવ્યું છે ?

- તમે સીખ્યાનો પત્ર વાંચ્યો. નકશામાં ઓડિશા શોધો.
- ઓડિશાની નજીક દરિયો છે ? તમે કેવી રીતે શોધશો ?
- કયાં કયાં રાજ્યોની એક બાજુએ દરિયો આવેલો છે ?
- નકશામાં સૂર્યમણિનું રાજ્ય ઝારખંડ ક્યાં છે ?
- નકશામાં જંગલો ક્યાં છે ? તમે આ કેવી રીતે શોધશો ?
- કયાં રાજ્યમાં ગાઢ જંગલો છે અને કયા રાજ્યોમાં આછાં જંગલો છે તે તમે કેવી રીતે શોધશો ?
- જો કોઈ મધ્યપ્રદેશમાં હોય, તો તેના માટે દેશની કઈ દિશામાં ગાઢ જંગલો હશે ? તે રાજ્યોનાં નામ લખો.



## મિઝોરમમાં ખેતી માટે લૉટરી

તમે સૂર્યમણિની વાર્તામાં ઝારખંડનાં જંગલો વિશે વાંચ્યું. હવે મિઝોરમના પર્વતીય પ્રદેશમાં આવેલાં જંગલો વિશે વાંચો. જુઓ ત્યાં લોકો કેવી રીતે રહે છે અને કેવી રીતે ખેતી કરે છે.

ટન, ટન, ટન... જેવો ઘંટ વાગ્યો લૉમટે-આ, ડીંગી, ડીંગીમાએ ઝડપથી ઘરે જવા માટે તેની બૅગ ભરી. રસ્તામાં તેઓ ઝરણાં પાસે વાંસમાંથી બનાવેલા કપથી પાણી પીવા ઊભા રહ્યાં. આજે ફક્ત બાળકો જ નહિ, પણ તેમના ‘સાઈમા સર’ પણ ઉતાવળમાં હતા. આજે ત્યાં પંચાયતની સભા મળવાની હતી. તે સભામાં લૉટરી નીકળવાની હતી કે કયા પરિવારને ખેતી કરવા કેટલી જમીન મળશે. જમીન આખા ગામની હતી, કોઈ એક વ્યક્તિની ન હતી. તેથી તેઓ જમીનના જુદા-જુદા ભાગોમાં ખેતી કરવા વારા રાખતા હતા.

વાંસમાંથી બનાવેલ સુંદર ઘડાને ખૂબ જ સારી રીતે હલાવવામાં આવે. તેમાંથી એક ચિઠ્ઠી કાઢવામાં આવે. સાઈમા સરના પરિવારને પહેલી તક મળે છે. તેમણે કહ્યું, ‘‘હું ખુશ છું કે મારા પરિવારને પ્રથમ તક મળી. પરંતુ આ વર્ષે અમે બહુ જમીન નહિ લઈ શકીએ. ગયા વર્ષે મેં વધારે લીધી, પરંતુ ખેતી સારી રીતે થઈ નહિ. મારી બહેન ઝીરીનાં લગ્ન બાદ તે સાસરે જતી રહી. પછી એકલા હાથે ખેતી સંભાળવાનું ખૂબ મુશ્કેલ બની ગયું.’’

સાઈમા સરે ત્રણ ટીન જમીનનું પૂછ્યું. નાની માથીનીએ પૂછ્યું, ''ત્રણ ટીન જમીન એટલે શું ?'' ચામુઈએ સમજાવ્યું, ''જેના પર આપણે એક ટીન બીજ ઉગાડી શકીએ તેને એક ટીન જમીન કહેવાય.'' ગામના પરિવારોને એક પછી એક તેમની જમીન ખેતી માટે મળવા લાગી.



**શોધી કાઢો :**



- મિઝોરમની આજુબાજુ કયાં રાજ્યો છે ?
- ચામુઈએ કહ્યું તેઓ 'ટીન' એકમનો ઉપયોગ કરી જમીન માપે છે. જમીન માપવાના બીજા કયા ઉપાયો છે ?
- શાળાએથી પાછા ફરતાં, બાળકો વાંસના કપમાં પાણી પીતાં હતાં. તમારા મતે એ કપ કોણે બનાવ્યો હશે અને જંગલમાં મૂક્યો હશે ? કેમ ?
- જંગલો બચાવવા શું કરી શકાય ?



X7H9Q8

## ઝૂમકૃષિ (Zoom Farming)

ઝૂમકૃષિ ખૂબ જ રસપ્રદ છે. એક પાક લીધા પછી, જમીન થોડાં વર્ષો માટે પાક લીધા વગર રાખવામાં આવે છે. ત્યાં કશું ઉગાડવામાં નથી આવતું. વાંસ અને અનિચ્છનીય છોડ તે જમીનમાંથી કાઢવામાં નથી આવતા. તેઓને કાપી અને બાળી દેવામાં આવે છે. તેની રાખ જમીનને ફળદ્રુપ બનાવે છે. સળગાવતી વખતે ધ્યાન રાખવામાં આવે છે કે આગ જંગલના બીજા ભાગો સુધી પહોંચે નહિ. જ્યારે જમીન ખેતી માટે તૈયાર હોય તેને થોડી ખોદવામાં આવે છે, ખેડવામાં નહિ. તેના પર બીજ નાખવામાં આવે છે. એક ખેતરમાં જુદા જુદા પ્રકારના પાક જેવા કે મકાઈ, ચોખા, શાકભાજી ઉગાડી શકાય.

અનિચ્છનીય છોડ કાઢવામાં આવતા નથી, તેમને ફક્ત કાપવામાં આવે છે. જેથી તેઓ જમીનમાં ભળી જાય. તે જમીન ફળદ્રુપ બનાવવામાં મદદ કરે છે. જો કોઈ પરિવાર ખેતી કરવા સક્ષમ ન હોય તો બીજા તેઓને મદદ કરે છે અને તેમણે તેઓને ખાવાનું આપવું પડે છે.

**શિક્ષક નોંધ :** ઉત્તર-પૂર્વીય પર્વતીય ભૂપ્રદેશ અને મિઝોરમ રાજ્ય તથા ત્યાં કરવામાં આવતી ઝૂમકૃષિની અનન્ય પદ્ધતિ વિશે ચર્ચા કરી શકાય.



દામન સિંઘ

અહીંનો મુખ્ય પાક ચોખા છે. તેની કાપણી પછી, તેને ઘરે લઈ જવું મુશ્કેલીભર્યું છે. પર્વતીય પ્રદેશ પર રસ્તાઓ હોતા નથી. લોકોએ પાક તેમની પીઠ પર ઉપાડી લઈ જવો પડે છે. તેમાં ઘણાં અઠવાડિયાં લાગે છે.

જ્યારે કામ પતી જાય ત્યારે આખું ગામ ઊજવણી કરે છે. લોકો ભેગા મળીને રાંધીને જમે છે, ગાય છે અને નૃત્ય કરે છે. તેઓ તેમનું ખાસ ‘ચેરાવ’ નૃત્ય કરે છે. આ નૃત્યમાં લોકો જોડીઓમાં એકબીજાની સામે જમીન પર વાંસની લાકડીઓ રાખી બેસે છે. જેવું નગારું વાગે, વાંસની લાકડીઓ જમીન પર પછાડવામાં આવે છે. નૃત્યકારો વાંસની લાકડી અંદર અને બહાર કરે છે અને તાલ સાથે નૃત્ય કરે છે.



દામન સિંઘ

- ‘ચેરાવ’ નૃત્ય વિશે વધારે જાણકારી મેળવો. તમારા વર્ગમાં નૃત્ય કરો. પરંતુ ધ્યાનથી અને એકબીજાને નુકસાન પહોંચાડશો નહિ.


T2K4H3

મિઝોરમના ત્રણ-ચતુર્થાંશ લોકો જંગલો સાથે જોડાયેલા છે. અહીં જીવન મુશ્કેલીભર્યું છે, પરંતુ લગભગ બધાં બાળકો શાળાએ જાય છે. તમે તેમાંનાં થોડાં અહીં જોઈ શકો છો, તેમની પાંદડાંની સિસોટી કેવી મસ્તીથી વગાડે છે ! તમે પણ આવી સિસોટી બનાવી હશે, ખરું ને !



## આપણે શું શીખ્યાં

- ઝૂમકૃષિ અને ભાસ્કરભાઈની ખેતી કરવાની પદ્ધતિમાં શું સરખું છે અને શું તફાવત છે ?
- જંગલોમાં રહેતાં લોકો શા માટે મહત્ત્વના છે ? તે તમારા પોતાના શબ્દોમાં સમજાવો.
- તમને ઝૂમકૃષિમાં કંઈ રસપ્રદ લાગ્યું છે ? તે શું હતું ?



# 21. જેવા પિતા તેવી દીકરી

P9D4Q8

## હા...ક છી...!




આયુષી બારીની નજીક બેઠી હતી અને વાંચતી હતી. બહાર પવન હતો અને ત્યાં હવામાં ખૂબ જ ધૂળ હતી. અચાનક આયુષીએ છીંક ખાધી, હા...ક છી...!


આયુષીનાં માતાપિતા રસોડામાં શાકભાજી છૂટાં પાડતાં હતાં. તેની માતાએ કહ્યું, ''તે તમારા જેવી જ છીંક ખાય છે. જો તમે અહીં ના હોત તો હું આ છીંક તમે ખાધી એવું જ સમજી હોત.''

**લખો :**

- આયુષી તેના પિતાની જેમ છીંકે છે. શું તમારામાં પણ કોઈ ટેવ કે કોઈ લક્ષણ એવાં છે જે તમારા પરિવારના કોઈ સભ્ય જેવાં હોય ? તે શું છે ? તે કોના જેવાં છે ?

| તમારી ખાસ ટેવ કે લક્ષણ | તે કોના જેવાં છે ? |
|---|---|
| ____________ | ____________ |
| ____________ | ____________ |

**શિક્ષક માટે :** ધોરણ 3 માં બાળકો તેમનાં નજીકનાં સગાંનાં જેવાં લક્ષણો ધરાવે છે તે તરફ ધ્યાન દોર્યું હતું. ચર્ચા દ્વારા તેના પર પ્રકાશ પાડી શકાય કે કેવી રીતે મોટા પરિવારમાં દૂરનાં સગાં સાથે સમાન લક્ષણો હોય છે. બાળકોના પોતાના અનુભવથી આ કરી શકાય.





કહો :

- તમારો ચહેરો કે અન્ય બાબત તમારા પરિવારના કોઈ સભ્યને મળતાં આવે છે ? તે શું છે ?
- આ બાબત તમને કોઈએ કહી છે કે તમે પોતાની જાતે તે શોધી છે ?
- લોકો જ્યારે તમને તમારા પરિવારના કોઈ સભ્ય સાથે સરખાવે છે ત્યારે તમને કેવું લાગે છે ? તમને આવું કેમ લાગે છે ?
- તમારા પરિવારમાં મોટેથી કોણ હસે છે ? તે વ્યક્તિની માફક હસો.

## કોણ કોની માસી ?

નીલમ તેની શાળાની રજાઓમાં તેનાં નાની (માતાની માતા)ના ઘરે ગઈ હતી. તેણે જોયું કોઈક આવ્યું અને તે તેની મમ્મીને કહેવા ગઈ, ''મમ્મી, માસી તમને મળવા આવ્યાં છે.'' તેની મમ્મી જોવા આવી કે કોણ આવ્યું છે. તેણે નીલમને કહ્યું, ''ના, આ તારાં માસી નથી! તે તારી બહેન કિરણ છે. તું તારી નાનીનાં મોટા બેનને ઓળખે છે ? કિરણ તેમના મોટી દીકરીની દીકરી છે. કિરણ તારી માસિયાઈ બહેન છે. ખરેખર તો તું કિરણના સુંદર દીકરા સમીરની માસી છે !



- નીલમના નાનીમાથી લઈ નાનકડા સમીર સુધી તેના પરિવારનાં બધાં સભ્યોની યાદી બનાવો. તેઓનો નીલમ સાથે શો સંબંધ થશે ? લખો.




શોધી કાઢો :

- તમારા પરિવારમાં આવાં કોઈ ઉદાહરણો છે કે જેઓની ઉંમરમાં મોટો તફાવત હોય ? – કાકા-ભત્રીજા, મામા-ભાણેજ કે ભાઈ-બહેન. તમારા વડીલો પાસેથી જાણો.




## આપણે બધાં કેવી રીતે સંબંધિત છીએ !

નીલમ સમીર સાથે રમવા લાગી. તેની માતાએ કિરણને બોલાવી અને કહ્યું, ''જો, મારી નીલમના વાળ તારા જેવા છે – જાડા, વાંકડિયા અને કાળા. સારું છે કે તેના વાળ મારા જેવા નથી – સીધા, મુલાયમ અને બદામી !'' નીલમનાં નાની હસ્યાં અને કહ્યું, ''હા, શું તે વિચિત્ર નથી ? અમારાં બહેનોના વાળ જાડા હતા અને હવે અમારી બીજી પેઢીના વાળ અમારા જેવા જ છે.'' નીલમ આ બધું સાંભળતી હતી. તેણે વિચાર્યું, ''અમે બધાં દૂરનાં સગાંસંબંધી છીએ, પરંતુ અમે બધાં ઘણીબધી રીતે એક જેવા છીએ !''



### શોધી કાઢો અને લખો :

- શું નીલમના વાળ તેની નાની જેવા વાંકડિયા છે ? હવે તમે તમારા ભાઈ કે બહેનમાં કોઈ ખાસ લક્ષણો જુઓ (તે પિતરાઈ હોઈ શકે) જેમકે, આંખોનો રંગ, ગાલમાં પડતાં ખંજન, ઊંચાઈ, પહોળું અને તીક્ષ્ણ નાક, અવાજ વગેરે. આ લક્ષણ માતા તરફથી છે કે પિતા તરફથી આવ્યું છે, તે પણ જુઓ. એક ઉદાહરણ આપ્યું છે તે મુજબ આ કોષ્ટક તમારી નોટબુકમાં બનાવો અને માહિતી ભરો.

| ખાસ લક્ષણ | તે કોના જેવું છે ? | કોના તરફથી ? | |
|---|---|---|---|
| | | માતા | પિતા |
| નીલમના વાંકડિયા વાળ | તેની નાની | ✓ | |
| | | | |



- તમે તમારા પરિવારમાં સૌથી નાના બાળકને જોયું છે ? બાળકની આંખો, નાક, વાળ કે આંગળીઓ પરિવારમાં કોના જેવી છે ? તેમનાં નામ લખો.
- નીલમના વાળ તેની નાની જેવા જાડા અને વાંકડિયા છે. નીલમની માતાના વાળ સીધા, બદામી અને મુલાયમ છે. તમારા વાળ કેવા છે – કાળા કે બદામી, તૈલી કે સૂકા ?

- તમારા વાળનો રંગ કયો છે ? તમારા વાળની લંબાઈ માપો અને લખો.
- શું તમારા વાળ તમારા પરિવારમાં કોઈના જેવા છે ? જો હા, તો તે વ્યક્તિનું નામ લખો.
- તમારા પરિવારના બીજા સભ્યોના વાળ માપો.
- તમારા પરિવારમાં સૌથી લાંબા વાળ કોના છે ?
- તમે એવા કેટલા લોકોને જાણો છો જેમના વાળ એક મીટર કરતાં લાંબા હોય ? લાંબા વાળ હોવા તે તેમના પરિવારમાં વારસાગત છે ?








- શું તમે જાણો છો કે તમે તમારી ઊંચાઈ કેવી રીતે માપશો ? તમારી જાતને માથાથી પગના અંગૂઠા સુધી માપો અને તમે કેટલા ઊંચા છો તે લખો.
- તમે જ્યારે મોટા થશો ત્યારે તમારા મતે તમે કેટલા ઊંચા થશો ? શું તમારા પરિવારમાં કોઈ એટલી જ ઊંચાઈવાળું છે ?
- તમારા પરિવારના બધા સભ્યોની ઊંચાઈ માપો અને લખો.

## શું આ અરીસો છે ?

બાજુના ચિત્રને જુઓ. શું મીના અરીસાની સામે ઊભી છે ? ના, આ તેની જોડિયાબહેન છે ! શું તમે ગૂંચવાઈ ગયા ? તેના મામા પણ તેમને પહેલીવાર જોઈને ગૂંચવાઈ ગયા હતા. એક વખત મમતાની મસ્તી માટે મીનાને ઠપકો મળ્યો. ઘણી વખત મમતા તેના મામા સાથે મજાક કરે અને કહે, ''મમતા બહાર ગઈ છે.''



**શિક્ષક માટે :** બાળકોને વાળ અને ઊંચાઈ માપવાની થોડી રીતો વિશે વિચારવા પ્રેરિત કરો.

પરંતુ હવે મામા યુક્તિ શીખી ગયા છે. તે કહે છે, મરાઠીમાં ગીત ગાઓ! શા માટે આવી રમુજી યુક્તિ ? તેમના વિશે વાંચો એટલે તમે સમજી જશો.

જ્યારે મીનાની કાકીએ તેને દત્તક લીધી ત્યારે બંને બહેનો બે અઠવાડિયાંની જ હતી અને કાકા મીનાને પૂના લઈ આવ્યાં. કાકીનાં ઘરનાં બધાં સંગીતનાં ખૂબ શોખીન હતાં. ઘરમાં સવારની શરૂઆત સંગીત સાથે થતી. મીના ઘણાંબધાં ગીતો તામિલ અને મરાઠી બંને ભાષામાં જાણતી હતી. ઘરે બધાં તામિલ બોલતાં અને શાળામાં મોટાભાગનાં બાળકો મરાઠી બોલતાં.

મમતા તેના પિતા સાથે ચેન્નઈમાં રહે છે. તેના પિતા કરાટે-કોચ છે. મમતા ત્રણ વર્ષની હતી, ત્યારથી તેણે બીજાં બાળકો સાથે કરાટે શીખવાનું ચાલુ કરી દીધું હતું. રજાના દિવસે સવારમાં બંને પિતા અને પુત્રી કરાટેની પ્રૅક્ટિસ કરતાં.

મીના અને મમતા એક જ જેવાં દેખાય છે, પરંતુ તે એકદમ અલગ છે. હવે તમને ખબર પડી કે કોણ શું છે તે શોધવાની મામા પાસે તેમની પોતાની રીત હતી.



## ચર્ચા કરો :

- મીના અને મમતામાં સમાન શું છે ? તફાવત શું છે ?
- તમે કોઈ જોડિયાં બાળકોને ઓળખો છો ? તેમનામાં શું સમાન છે ? તેઓ કેવી રીતે જુદાં છે ?
- તમે એવા જોડિયાં બાળકોને ઓળખો છો, જે સમાન દેખાતાં નથી ?

મીના અને મમતા બંને એકબીજાને ખૂબ જ મળતાં આવે છે છતાં તેઓ જુદાં છે. ઉદાહરણ તરીકે, મીના બે ભાષા જાણે છે. જો મમતાના પરિવારમાં બે ભાષા બોલાતી હોત, તો તે પણ બે ભાષા શીખી શકી હોત. આપણે ઘણી વસ્તુઓ જેવી કે, ભાષા, સંગીત, વાંચન કે ગૂંથણ શીખીએ છીએ, જ્યારે આપણને તે કરવા તક અને પરિસ્થિતિ મળે.

**શિક્ષક માટે :** આપણને જન્મ સમયે અમુક લક્ષણો આપણાં માતા-પિતા તરફથી મળે છે અને અમુક વસ્તુઓ આપણે આસપાસની પરિસ્થિતિઓમાંથી શીખીએ છીએ તેની ચર્ચા કરો.



## આ પરિવારમાંથી


સૌપ્રથમ આ રસપ્રદ સર્વેક્ષણ તમારા વર્ગમાં કરો. કેટલાં બાળકો આ કરી શકે છે તે લખો :





1. તમારા દાંતને સ્પર્શ કર્યા વગર તમારી જીભને મોંમાં અંદરની (પાછળની) તરફ વાળો. ______________
2. બાજુઓ તરફથી તમારી જીભ ઊંચી કરીને વાળો.
3. તમારા હાથ અને પગની બધી આંગળીઓ ખોલો. ______________ હવે માત્ર સૌથી નાની આંગળી ફેરવો. ______________





4. તમારા અંગૂઠાને તમારા કાંડાએ અડાડો. ______________
5. તમારા હાથની આંગળીઓ દરેક બાજુ જુદી કરી 'V' આકાર બનાવો. ______________
6. તમારા કાનને અડક્યા વગર હલાવો. ______________



જે બાળકો આ કરી શકે તેમના પરિવારમાંથી પણ કોઈને આવું કરવા કહો. કેટલાં બાળકોને આ લક્ષણ તેમના પરિવારમાંથી મળ્યાં છે ?

**ના, ના ચિંતા ન કરો. જો માતાપિતામાંથી કોઈ એકને પોલિયો હોય, તો તેમના બાળકને પણ તે થાય તે જરૂરી નથી.**



Y6Q4K8

**પરંતુ માતા-પિતા તરફથી આ નહિ...**

શીતલ ખૂબ નાની હતી જ્યારે તેના પગને પોલિયોની અસર થઈ. પરંતુ તે ક્યારેય તે એના કામ અને જીવનમાં વચ્ચે આવેલ નથી. લાંબું અંતર ચાલવું અને બહુ બધા દાદર ચઢવા એ તેના કામનો ભાગ છે. હવે શીતલનાં લગ્ન થઈ ગયાં છે. પરંતુ હવે તેને ચિંતા હતી કે તેના બાળકને પણ પોલિયો થશે, તો ? તેણે આ વિશે ડૉક્ટર સાથે વાત કરી.

- શું તમે પોલિયો વિશે કંઈ વાંચ્યું કે સાંભળ્યું છે ? ક્યાં ?
- શું તમે પલ્સપોલિયો વિશે વાંચ્યું કે સાંભળ્યું છે ? શું ?
- તમે કોઈને જાણો છો જેને પોલિયો થયો હોય ?

Y3Y1Q1

## વટાણા સાથે પ્રયોગો – લીસાં કે ખરબચડાં ?

ઈ.સ. 1822માં ઑસ્ટ્રિયાના ગરીબ ખેડૂત પરિવારમાં ગ્રેગર મેન્ડેલનો જન્મ થયો હતો. તેઓને અભ્યાસનો ખૂબ જ શોખ હતો, પણ પરીક્ષાની વાત આવતાં જ ગભરાઈ જતા. તેમની પાસે યુનિવર્સિટીમાં જઈને અભ્યાસ કરવાનાં નાણાં (પૈસા) ન હતાં. આથી તેમણે એક મઠમાં 'સાધુ' બનવાનો વિચાર કર્યો. તેમણે વિચાર્યું કે ત્યાંથી તેમને વધુ અભ્યાસ માટે મોકલવામાં આવશે, જે તેમને જોઈતું હતું. પરંતુ વિજ્ઞાન શિક્ષક બનવા માટે તેમની પરીક્ષા લેવાની હતી. અરે, ના ! તે એટલા બધા ગભરાઈ ગયા કે પરીક્ષામાંથી ભાગીને જતા રહ્યા અને નિષ્ફળ રહ્યા !

તેમ છતાં, તેમણે પ્રયોગો કરવાનું બંધ ના કર્યું. તેમણે સાત વર્ષ સુધી સાધુના મઠના બગીચામાંના 28,000 છોડ પર પ્રયોગો કર્યા. તેમણે સખત મહેનત કરી ઘણાં અવલોકનો ભેગાં કર્યાં અને નવી શોધ કરી ! કંઈક એવું શોધ્યું કે જે-તે સમયના વૈજ્ઞાનિકો પણ સમજી ન શક્યા. મેન્ડેલના મૃત્યુના ઘણાં વર્ષો પછી જ્યારે અન્ય વૈજ્ઞાનિકોએ આવા પ્રયોગો કર્યા અને મેન્ડલે જે પહેલેથી લખ્યું હતું તે વાંચ્યું ત્યારે તેઓ સમજી શક્યા.



મેન્ડેલે એ છોડમાં શું શોધ્યું હતું ? તેમણે શોધી કાઢ્યું કે વટાણાના છોડમાં કેટલાંક લક્ષણો એવાં છે કે જે જોડીમાં હોય છે. જેમકે બીજ ખરબચડાં કે લીસાં, તે પીળાં છે કે લીલાં અને છોડ ઊંચો છે કે નીચો, તેના સિવાય કંઈ નહિ. જે છોડનાં બીજ ખરબચડાં કે લીસાં હોય, તે છોડની આવનારી પેઢીના છોડનાં બીજ પણ ખરબચડાં કે લીસાં હશે. કોઈ બીજ થોડાં ખરબચડાં અને થોડાં લીસાં એવાં મિશ્રિત ન હતાં. આવું જ તેમને રંગ સાથે પ્રયોગ કરતા પણ જોવા મળ્યું. જેનાં બીજ લીલાં કે પીળાં હોય તેનાં નવાં બીજ પણ લીલાં કે પીળાં જ આવે છે. બીજની નવી પેઢીમાં પણ લીલા કે પીળા રંગનું મિશ્રણ ન હતું. મેન્ડેલે દર્શાવ્યું કે આવનારી પેઢીના વટાણાના છોડમાં પીળાં બીજવાળા છોડ વધુ હશે. તેમણે એ પણ દર્શાવ્યું કે આવનારી પેઢીના વટાણાના છોડ લીસાં બીજ ધરાવતા હશે. કેવી અદ્ભુત શોધ!

## થોડું પરિવારમાંથી, થોડું પરિસ્થિતિઓમાંથી

વિભાને તેના નાનાજીના મોટેથી હસવાના અવાજ પરથી દૂરથી જ ખબર પડી ગઈ કે તેઓ આવી રહ્યા છે. તેના નાનાજી મોટા અવાજે વાત કરે છે અને તેમને સાંભળવામાં તકલીફ છે.

- તમારા ઘરમાં એવાં લોકો છે જે ઊંચા અવાજે વાતો કરતા હોય ? શું તે તેમની ટેવ છે કે પછી તેઓ બરાબર સાંભળી શકતાં નથી ?
- એવો સમય છે જ્યારે તમે કેટલાક લોકોની સામે મોટેથી વાત કરતાં નથી ? ક્યારે ? કોની સાથે ? કેમ ? તમે ક્યારે મોટેથી બોલી શકો છો ?
- કેટલાંક લોકો તેમને સરખું સંભળાય તે માટે કાનમાં યંત્ર પહેરે છે. કેટલાંક લોકો તેમને બીજી રીતે મદદ કરવા લાકડી કે ચશ્માંનો ઉપયોગ કરે છે. આવું જે કરતાં હોય તેવા કોઈને તમે જાણો છો ?
- જે લોકો સરખું સાંભળી શકતાં નથી તેમની સાથે વાત કરો. તેઓને તે મુશ્કેલી જન્મથી જ છે ? શોધો. તેઓને સાંભળવાની તકલીફ ક્યારથી ચાલુ થઈ ? તેઓને કેવી મુશ્કેલીનો સામનો કરવો પડે છે ?

આપણે જોયું કે થોડાં લક્ષણો અથવા ટેવો આપણને પરિવાર તરફથી મળે છે. થોડી વસ્તુઓ અને કૌશલ્યો (આવડત) આપણે પરિસ્થિતિઓમાંથી શીખીએ છીએ. સમય સાથે આપણી આવડત બદલાય છે, કોઈ બીમારી અથવા વધતી ઉંમરના કારણે. આ બધું સાથે મળી આપણે શું છીએ તે બનાવે છે.



### આપણે શું શીખ્યાં

તમે શું વિચારો છો –
તમને તમારા માતા તરફથી શું-શું મળ્યું છે ?
તમને તમારા પિતા તરફથી શું-શું મળ્યું છે ?

**શિક્ષક માટે :** પોલિયો વાઈરસથી થાય છે તે વારસાગત નથી, તેના વિશે બાળકો સાથે ચર્ચા કરો. ઘણીવાર લોકોને કેટલાંક રોગો જેવા કે રક્તપિત્ત વિશે ગેરસમજ હોય છે. તે કેવી રીતે થાય છે અને તેની સારવાર ક્યાં થાય છે તેની ચર્ચા કરો. જો શક્ય હોય, તો બાળકોના પ્રશ્નોના જવાબ આપવા ડૉક્ટરને આમંત્રણ આપો.


# 22. ફરી ઊપડ્યા

## ધનુનું ગામ

આજે બધાં સંબંધીઓ દશેરા ઉજવવા માટે ધનુના ઘરે આવ્યાં છે. તેઓ તેમનો સામાન બળદગાડાંમાં લઈને આવ્યાં છે. ધનુના પિતા પરિવારમાં સૌથી મોટા છે. તેથી બધા તહેવારો તેમના ઘરે જ ઉજવાય છે. ધનુની માતા, મામી અને તેની કાકી પૂરણપોળી (વેઢમી) બનાવવામાં વ્યસ્ત છે. તેની સાથે તીખી કઢી પણ બનાવવામાં આવી છે.

આખો દિવસ હસવામાં અને વાતો કરવામાં પસાર થયો. પરંતુ સાંજ પડતાં બધાના મૂડ બદલાઈ ગયા. સ્ત્રીઓ અને બાળકોએ તેમનો સામાન બાંધવાનું ચાલુ કર્યું. પુરુષો મુકાદમ (પ્રતિનિધિ) સાથે બેઠા હતા. મુકાદમ દરેક પરિવારે લીધેલી લોનની વિગત આપતો હતો.

પછી આગળના થોડા મહિનાઓ માટે વાત થઈ. મુકાદમ ગામલોકોને આગળના છ મહિના તેઓએ કયા વિસ્તારમાં જવાનું રહેશે તે સમજાવતો હતો. તે તેઓને તેમના ખર્ચા માટે થોડા પૈસાની લોન પણ આપે છે. ધનુને યાદ છે આ નિયમિતપણે થતું રહેતું.



**શિક્ષક માટે :** વર્ગમાં પૈસા ઉછીના લાવવા, લોન, દેવું અને મુકાદમ (પ્રતિનિધિ) જેવા મુદ્દાઓ વિશે વાત કરો. રોજિંદા જીવનનાં ઉદાહરણો પરથી આ મુદ્દાઓની ચર્ચા કરવી.



વરસાદની ઋતુથી દશેરા સુધી ધનુનો પરિવાર મોટા ખેડૂતોની જમીન પર કામ કરે છે. બીજા ઘણા પરિવારો પણ આવી જમીન પર કામ કરે છે. તેઓ આ મહિનામાં પૂરતા પૈસા કમાઈ લે છે.

પરંતુ જ્યારે વરસાદ ન હોય અને ખેતરોમાં કામ પણ ન હોય ત્યારે બાકીના છ મહિના કેવી રીતે નિભાવવા ? તેથી દરેક જણ મુકાદમ પાસેથી ઉછીના પૈસા લે છે. તે પૈસા પરત આપવા તેઓએ મુકાદમ માટે કામ કરવું પડે છે. મુકાદમ શેરડીની ફૅક્ટરીનો પ્રતિનિધિ છે. તે તેમને શેરડીની ફૅક્ટરીમાં કામ શોધવામાં મદદ કરે છે.



**કહો :**

- ધનુના ગામમાં બધા ખેડૂતો પાસે તેમની પોતાની જમીન છે ?
- વર્ષના કયા સમય દરમિયાન ધનુના પરિવારને કામ મળે છે ? કયા સમય દરમિયાન તેમની પાસે કામ હોતું નથી ?
- તમે ધનુના પરિવાર જેવા અન્ય પરિવારને જાણો છો કે જેમને કામની શોધમાં મહિનાઓ સુધી તેમનું ગામ છોડીને જવું પડે ?



**વિચારો અને શોધી કાઢો :**


X2D8F7

- જો ધનુના ગામનાં લોકો કામની શોધમાં તેમનું ગામ છોડે નહિ, તો તેમને પોતાના ગામમાં કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે ?
- ધનુના ગામમાં વરસાદ ન હોય ત્યારે ખેતી થઈ શકતી નથી. શું ખેતી વરસાદના પાણી વગર પણ થઈ શકે ? કેવી રીતે ?



**શિક્ષક માટે :** શેરડીની ખેતી જ્યારે વરસાદ ન હોય તે સમય દરમિયાન થઈ શકે છે તે તરફ બાળકોનું ધ્યાન દોરો. ખેતરમાં સિંચાઈની અનેક પદ્ધતિઓ જેવી કે ટ્યૂબવેલ, કેનાલ, પાણી ઊંચકવા માટેનું પૈડું વગેરેની ચર્ચા કરો. બાળકોને તે દોરવા કહો. જો શક્ય હોય તો તેમને ત્યાં મુલાકાતે લઈ જાઓ અથવા તેમના પરિવાર સાથે તે જોવા જવા કહો.

આગામી મહિનાઓમાં ધનુ, તેનાં માતા-પિતા, તેના કાકા અને તેમનાં બે મોટાં બાળકો, તેનાં મામા-મામી અને તેમની બે દીકરીઓ તથા ગામમાંથી ચાળીસ-પચાસ પરિવારો તેમનાં ઘરથી દૂર થઈ જશે. આ છ મહિનાઓમાં ધનુ અને તેના જેવાં બીજાં કેટલાંક બાળકો શાળાએ જઈ શકશે નહિ. ધનુનાં વૃદ્ધ દાદી, તેનાં પ્રજ્ઞાચક્ષુ કાકી અને તેની બે-ત્રણ મહિનાની પિતરાઈ બહેન ગામમાં જ રહેશે.



બીજાં ઘરોમાં પણ વૃદ્ધો અને બીમાર માણસો ગામમાં જ રહેશે. ધનુ તેના દાદીમાને ખૂબ યાદ કરે છે. ધનુને હંમેશાં લાગ્યા કરે છે, તેની દાદીની સંભાળ કોણ રાખશે! પરંતુ ધનુ શું કરી શકે ?



**કહો :**


- ધનુનો પરિવાર અને ગામના કેટલાક લોકો કામ શોધવા ગામ છોડી જશે, પરંતુ કેટલાક લોકો ગામમાં રહેશે. આવું શા માટે બન્યું ?
- જ્યારે ધનુ અને બીજાં ભણતાં બાળકો છ મહિના માટે ગામ છોડી જશે, ગામની શાળામાં શું થશે ?
- તમારા ઘરમાં જ્યારે બાકીના સભ્યો કામથી બહાર જાય, ત્યારે વૃદ્ધ અને બીમાર સભ્યો માટે શું વ્યવસ્થા કરવામાં આવે છે ?

## દશેરા પછી


આ પરિવારોનો કાફલો હવે શેરડીનાં ખેતરો અને ફૅક્ટરીઓ નજીક રહેઠાણ બનાવશે. છ મહિના માટે તેઓ સૂકી શેરડી અને તેનાં પાંદડાંમાંથી બનાવેલી તેમની ઝૂંપડીઓમાં રહેશે. પુરુષો સવારે વહેલા ઊઠીને શેરડીનાં ખેતરમાં શેરડી કાપવા જશે. સ્ત્રીઓ શેરડીના ભારાઓ બાંધશે. પછી ભારાઓને શેરડીની ફૅક્ટરીમાં લઈ જવામાં આવશે. ધનુ વારંવાર તેના પિતા સાથે જાય છે. ઘણી વખત તેઓ ફૅક્ટરીની બહાર બળદગાડામાં રાત્રિ વિતાવે છે. ત્યાં ધનુ બળદો સાથે રમે છે અને આજુબાજુ ફર્યા કરે છે.

**શિક્ષક માટે :** જો બાળકો તેમના પરિવારના સભ્યોની નશીલા / માદક દ્રવ્યો (ડ્રગ્સ) લેવાની આદતની મુશ્કેલીની આપ-લે કરવા માગે, તો તમારે તે બાળકો સાથે ખૂબ જ સાવચેતીપૂર્વક અને સંવેદનશીલ રીતે વાત કરવી જોઈએ. વર્ગમાં ડ્રગ્સ / નાર્કોટિક્સ / માદક દ્રવ્યની ખરાબ અસરોની ચર્ચા કરો. આવા મુદ્દાઓની સેવા-તાલીમ કાર્યક્રમમાં ચર્ચા કરી શકાય છે.

તેના પિતાને ફૅક્ટરીમાં શેરડીનું વજન કરવાનું અને પહોંચ (તેમણે કેટલી શેરડી આપી તેનો હિસાબ) બનાવવાની રહેતી. તેઓ આ પહોંચ તેમના લોનના ખાતાનો હિસાબ રાખનારા પ્રતિનિધિને આપતા. પ્રતિનિધિ આગળના અઠવાડિયાંના ખર્ચા માટે તેમને થોડા પૈસા પણ આપતા. પછી ધનુની માતા અને મામી બાળકોને નજીકના બજારમાં આગળના અઠવાડિયાં માટે લોટ અને તેલ ખરીદવા સાથે લઈ જતાં. ઘણી વખત મામી બાળકો માટે થોડા લાડવા અથવા મીઠાઈ ખરીદતાં.



તેમણે ધનુ માટે પેન્સિલ, રબર અને નોટબુક પણ ખરીદ્યાં. અંતે તો તે એમનો પ્રિય છે! પરંતુ ધનુ તેને છ મહિના નહિ વાપરી શકે, કારણ કે તે શાળાએ જશે જ નહિ.



મામીની ઇચ્છા ધનુને ભણાવીને જીવનમાં કંઈક બનાવવાની છે. ધનુ આ રીતે તેના પરિવાર સાથે અહીં-તહીં ફરતો રહે એવું તે ઇચ્છતા નથી. મામા અને મામી તેનાં માતાપિતાને કહે છે, ‘‘જ્યારે ફરી આપણે દશેરા પછી ગામ છોડવાનું થાય ત્યારે ધનુને તેની દાદી અને કાકી સાથે ત્યાં જ મૂકીને આવીશું. ગામનાં બીજાં બાળકોની જેમ તે શાળાએ જશે. તે તેનું ભણવાનું ચાલુ રાખશે. તે આગળ ભણશે અને કંઈક બનશે.

**શિક્ષક માટે :** ઘણાં પરિવારનાં બાળકો નશીલા/માદક પદાર્થો લેવા જેવી આદતો અને ટેવોનો શિકાર બને તે શક્ય છે. સમયસર તેનાથી બચવા માટેનાં કામ કરવા જોઈએ. આ વિષય પર શિક્ષકોની સહાયથી બાળકો દ્વારા ચાર્ટ્સ અને પોસ્ટર્સ બનાવડાવી શકાય છે અને વર્ગમાં ચર્ચા કરી શકાય.

## વિચારો અને કહો :



- મામી શા માટે ઈચ્છે છે કે ધનુ આખું વર્ષ શાળાએ જાય અને ભણે ?
- જ્યારે તમે લાંબા સમય માટે શાળાએ જઈ શકો તેમ ન હોય, તો શું થાય ?

## ચર્ચા કરો અને લખો :

- ધનુને તેના ગામના લોકો સાથે ગામ છોડીને જવું પડે છે તે સમયે કોઈ સગવડ કરી શકાય કે જેથી ધનુ તેનું ભણવાનું ચાલુ રાખી શકે ? કેવા પ્રકારની ?
- શું તમે કોઈ એવી નોકરી / કામ વિશે જાણો છો જેના લીધે લોકોને તેમના પરિવારથી ઘણા મહિનાઓ દૂર રહેવું પડે ? આ પુસ્તકમાંથી ઉદાહરણો જુઓ અને લખો.
- જુદા-જુદા પ્રકારના ખેડૂતોનાં જીવનમાં શું સમાનતા અને તફાવત છે ?
- કયાં કયાં કારણોસર લોકો સ્થળાંતર કરતાં હોય છે ?



## આપણે શું શીખ્યાં

- તમે આ પુસ્તકમાં જુદાં-જુદાં પ્રકરણમાં ઘણા પ્રકારના ખેડૂતો વિશે વાંચ્યું. કોષ્ટક પૂર્ણ કરો.

| ખેડૂતનું નામ | જમીન પોતાની છે ? (✓ કે ✗) | તેઓ શું ઉગાડે છે ? | તેઓને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ? | અન્ય માહિતી |
|---|---|---|---|---|
| 1. દામજીભાઈ (પ્રકરણ ....) | | | | |
| 2. હસમુખ (પ્રકરણ ....) | | | | |

**શિક્ષક માટે :** જે જાતિઓ સ્થળાંતર કરે છે તેમનાં બાળકોના ભણતર માટે થોડી સગવડો કરી શકાય તે વિશે બાળકો સાથે ચર્ચા કરો. ઘણી વખત શિક્ષકો પણ તેમની સાથે સ્થળાંતર કરે છે. કેટલીક જાતિના લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ કેવા પ્રકારનાં કામ માટે સ્થળાંતર કરે છે, તેની ચર્ચા કરો.

# 23. અમે ગુજરાતી...



ક્રિકેટના મેદાનમાં સૌ મિત્રો એકઠા થયા. પરંતુ આજે ભવ્ય રમવા આવ્યો ન હોઈ, બધાં તેના ઘરે તેને બોલાવવા ગયાં. બૅલ વગાડતાં જ ભવ્યની મમ્મીએ બારણું ખોલી સૌને અંદર બોલાવ્યાં. અંદર પહોંચતાંની સાથે જ સૌનાં કાન પર ભવ્ય અને તેની બહેન મૈત્રીનો અવાજ સંભળાયો. તેઓ ગીત ગાઈ રહ્યાં હતાં. ભવ્યની મમ્મીએ સૌને ઇશારાથી શાંતિથી બેસવા કહ્યું. ગીતના શબ્દો હતા...

જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણુ પ્રભાત
ધ્વજ પ્રકાશશે ઝળહળ કસુંબી, પ્રેમ શૌર્ય અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને, પ્રેમભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત
જય જય ગરવી ગુજરાત.
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ-
છે સહાયમાં સાક્ષાત્
જય જય ગરવી ગુજરાત.


નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોયા સુભટના જુદ્ધરમણ ને, રત્નાકર સાગર;
પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સંપે સોહે સૌ જાત,
જય જય ગરવી ગુજરાત.
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત!
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત,
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

– **નર્મદ**

**શિક્ષક માટે :** ગુજરાત વિશે અન્ય કવિઓ દ્વારા રચવામાં આવેલ ગીત મેળવો અને વિદ્યાર્થીઓ સાથે વર્ગમાં સમૂહગાન કરાવો. વિદ્યાર્થીઓને ગીતમાં દર્શાવેલાં સ્થળો નકશામાં દર્શાવવા પ્રોત્સાહિત કરો. આ સ્થળો વિશે વધુ જાણકારી મેળવી તેની ચર્ચા કરો.

ગીત પૂરું થતાં જ, સૌ મિત્રો તાળીઓ વગાડતાં-વગાડતાં ભવ્યને મળવા તેના રૂમમાં ગયાં. ત્યાં ભવ્યની સાથે તેની બહેન મૈત્રી, ભવ્યના કાકા અને મામા બેઠા હતા. ભવ્યના કાકા હાર્મોનિયમ અને મામા તબલાં વગાડવામાં નિપુણ હતા.

સૌ મિત્રોના આવવાથી ભવ્ય પણ ખુશ થઈ ગયો. ભવ્યના મિત્ર જયે કાકાને પૂછ્યું, ‘‘કાકા આ કયું ગીત હતું ? મેં પહેલી જ વાર સાંભળ્યું.’’ કાકાએ સવિસ્તર જવાબ આપ્યો, ‘‘આ ગીત આપણા ગુજરાતની ઓળખ અને ગુજરાતનું ગૌરવ વધારનાર ગીત છે. આ ગીતમાં ગુજરાત રાજ્યની ભૌગોલિક સ્થિતિ અને વિશિષ્ટતાઓનું વર્ણન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યની સ્થાપના પહેલી મે, 1960ના રોજ થઈ હતી. હાલમાં ગાંધીનગર તેનું પાટનગર છે. કવિ નર્મદ દ્વારા આ ગીતની રચના કરવામાં આવી હતી. ભવ્ય તેની શાળામાં ગુજરાત રાજ્યના સ્થાપનાદિન નિમિત્તે આ ગીત ગાવાનો છે. અમે તેની તૈયારી કરતા હતા.’’





દેવ બોલ્યો : ‘‘હા, કાકા અમને પણ શીખવવામાં આવ્યું હતું કે આપણું ગુજરાત આશરે 1600 કિમી જેટલો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. ગુજરાતના 15 જિલ્લાઓને દરિયાની સીમા અડે છે. આપણું ગુજરાત રાજ્ય વિસ્તારની દૃષ્ટિએ દેશમાં છઠ્ઠું અને વસતિમાં નવમા ક્રમનું મોટું રાજ્ય છે. ગુજરાતનું ક્ષેત્રફળ 1,96,024 ચોરસ કિલોમીટર (ભારતના કુલ વિસ્તારના 5.97 %) છે.’’ શિવે વાત આગળ વધારતાં કહ્યું : ‘‘ગુજરાતના ઉત્તર ભાગમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.’’ ભવ્યથી પણ બોલ્યા વગર ન રહેવાયું. તેણે કહ્યું, ‘‘ગુજરાત રાજ્યની જમીનસીમા પડોશી દેશ પાકિસ્તાન સાથે અને ભારતનાં ત્રણ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ મહારાષ્ટ્ર સાથે જોડાયેલી છે. આ ઉપરાંત, ગુજરાત ભારતનું એકમાત્ર એવું રાજ્ય છે, જે બે અખાત (કચ્છનો અખાત અને ખંભાતનો અખાત) ધરાવે છે.’’

**પાના નં. 206 પરના નકશામાંથી નીચે આપેલા પ્રશ્નોના જવાબ શોધીને લખો :**

E2H6G3

- ગુજરાત રાજ્યમાં કુલ કેટલા જિલ્લા છે ?
- ગુજરાત રાજ્યમાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો કયો છે ?
- ગુજરાત રાજ્યમાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનો જિલ્લો કયો છે ?
- કર્કવૃત્ત પસાર થતું હોય, તેવા ગુજરાતનાં કોઈ પણ ત્રણ જિલ્લાનાં નામ લખો.


વેદ થોડો ખચકાઈને બોલ્યો, ''મામા, ગીતમાં મહી, તાપી અને નર્મદા નદીઓનાં જ નામ છે, તેના સિવાયની બીજી કઈ-કઈ નદીઓ ગુજરાતમાં વહે છે ?'' મામાએ ખોંખારો ખાધો અને કહ્યું, ''ગીતમાં કેટલીક નદીઓનાં જ નામ છે, પણ આ સિવાય સાબરમતી, બનાસ, ભાદર, શેત્રુંજી, ભોગાવો, મચ્છુ, ઘેલો, પૂર્ણા, વિશ્વામિત્રી જેવી નદીઓ ગુજરાતમાં વહે છે. સામાન્ય રીતે નદીઓ સાગરને મળતી હોય છે, પરંતુ કેટલીક નદીઓ સાગરને મળવાને બદલે રણમાં જ સમાઈ જાય છે. તેથી આવી નદીઓને અંતઃસ્થ નદીઓ અથવા કુંવારિકાઓ કહેવામાં આવે છે.'' પ્રેમ બોલ્યો : ''હું જ્યારે 'સ્ટૅચ્યૂ ઑફ યુનિટી' જોવા ગયો હતો, ત્યારે મેં નર્મદા નદી પર બાંધવામાં આવેલ સરદાર સરોવર બંધની મુલાકાત લીધી હતી. જે રાજ્યની મહત્ત્વની સિંચાઈ યોજના છે.'' કાકા બોલ્યા : ''શાબાશ, આ ઉપરાંત, તાપી, મહી, સાબરમતી વગેરે નદીઓ પર પણ બંધ બાંધવામાં આવ્યા છે.''



**આગળના પાના નં. 207 પરના નકશામાંથી નીચે આપેલા પ્રશ્નોના જવાબ શોધીને લખો :**

- પ્રકરણમાં આપેલ નદીઓ સિવાયની ગુજરાતની નદીઓની યાદી બનાવો.
- અંતઃસ્થ નદીઓની યાદી બનાવી, તેનું અંતિમ સ્થાન લખો.
- રાજ્યની સિંચાઈ યોજનાઓ તથા તે કઈ નદી પર બાંધવામાં આવેલ છે તે વિગતે લખો.
- ગુજરાતના ડુંગરાળ વિસ્તારો વિશે માહિતી એકત્રિત કરીને વર્ગમાં રજૂઆત કરો.

ઝીલે કહ્યું, ‘‘હું એકવાર મારા કાકા જોડે બનાસકાંઠા જિલ્લાના માનપુર ગામે ગયો હતો ત્યાં ખૂબ જ ઠંડી હતી. જ્યારે હું અને કાકા ખેતરમાં ગયા ત્યારે મેં જોયું કે ત્યાં ઘઉં વાવવામાં આવેલા હતા. જ્યારે બાજુના ખેતરમાં બટાટા વાવવામાં આવ્યા હતા. કાકાએ કીધું કે જમીન જેવા પ્રકારની હોય તે પ્રમાણે તેમાં પાક લેવામાં આવે છે. આ બધા પાક રવીપાક તરીકે ઓળખાય છે.’’




**ઉપરના નકશામાંથી નીચે આપેલા પ્રશ્નોના જવાબ શોધીને લખો :**

- ગુજરાત રાજ્યમાં થતા પાકની જિલ્લાવાર યાદી બનાવો.
- જુદા-જુદા પાકનું રવીપાક, જાયદ પાક અને ખરીફ પાકમાં વર્ગીકરણ કરો.

**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને જુદી-જુદી ઋતુઓમાં થતાં પાક વિશે સમજ આપવી. આ પાકનું રવીપાક, ખરીફ પાક અને જાયદ પાકમાં વર્ગીકરણ કરાવવું.


| | |
|---|---|
| રવીપાક | |
| જાયદ પાક | |
| ખરીફ પાક | |

D1P1B7


પ્રથમ તરત જ બોલ્યો, ''હું પણ મારા ફોઈને ત્યાં વૅકેશનમાં રહેવા ગયો હતો. તેમના વાડામાં પાંચ ગાય, ચાર ભેંસ અને બે નાનાં-નાનાં બચ્ચાં હતાં : એક ધોળું અને બીજું કાળું. ફૂઆ રોજ ગાય અને ભેંસનું દૂધ ગામની ડેરીમાં આપવા જતા હતા. ગામની ડેરીમાં આણંદમાં આવેલી અમૂલ ડેરીનો અને તેની નીચે ત્રિભુવનદાસ પટેલ તેમજ ડૉ. વર્ગીસ કુરિયનનો પણ ફોટો લગાડેલો હતો. ડૉ. કુરિયનના ફોટા નીચે 'શ્વેત ક્રાંતિના પ્રણેતા' એમ પણ લખેલું હતું.''

ભવ્યનાં મમ્મી બધા માટે કપમાં દૂધ લાવ્યાં. મૈત્રીએ કહ્યું, ''મમ્મી, આ કપ તો આપણે મોરબીથી લાવ્યાં હતાં તે જ છે ને! અવનવી કેટલા બધા પ્રકારની ડિઝાઈનવાળા કપમાંથી મેં અને તમે આ કપ પસંદ કર્યા હતા.''

દૂધ પીતાં-પીતાં સામે ટેબલ પર મૂકેલા ચરખાને જોઈ હર્ષે ભવ્યને પૂછ્યું : ''આ શું છે ? તે ક્યાંથી લાવ્યા ?'' કાકાએ કહ્યું : ''આ ચરખો છે. હું અને ભવ્ય ગાંધીઆશ્રમ (સાબરમતી આશ્રમ) જોવા ગયા હતા ત્યારે એ ચરખો લાવ્યા હતા. ગાંધીજીએ ચરખા દ્વારા સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગની અને વિદેશી વસ્તુઓનો ઉપયોગ નહિ કરવા માટેની લડત ઉપાડી હતી.''




- વિવિધ ડેરીઓ અને તેમના જિલ્લા દર્શાવતી યાદી તૈયાર કરો.
- ગુજરાતમાં વિકાસ પામેલા વિવિધ ઉદ્યોગોની યાદી બનાવો.




## ચર્ચા કરો અને નોટબુકમાં લખો :

P8M3A4

- જિલ્લાવાર જોવાલાયક સ્થળોની યાદી તૈયાર કરી, તમારા વર્ગમાંથી કોણે કયાં કયાં સ્થળોની મુલાકાત લીધી છે ? ચર્ચા કરો.
- તમે જોયું હોય તે સ્થળનું નામ અને તેની વિશિષ્ટતા લખો.
- તમારા અને તમારા પડોશી જિલ્લાઓમાં આવેલ વિવિધ ધર્મોનાં ધાર્મિક સ્થળોની યાદી બનાવો અને તેમાંથી કોઈ પણ બે સ્થળ વિશે લખો.

મામાની નજર વ્રજે પહેરેલા ટી-શર્ટ પર પડી. તેની પર આપેલા ફોટાને જોઈ તેમણે બધાંને પ્રશ્ન કર્યો, ''આ કયા મંદિરનો ફોટો છે ? કોઈને ખબર છે ?'' બધાંએ નકારમાં માથું ધુણાવ્યું. મામાએ કહ્યું, ''આ ફોટો બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી માતાના મંદિરનો છે. બનાસકાંઠાથી વલસાડ જિલ્લા સુધીમાં તળગુજરાતનો ડુંગર વિસ્તાર વિસ્તરેલો છે.'' વાત આગળ વધારતાં કથને કહ્યું, ''હા, મામા. અમે ડાંગના ડુંગરાળ પ્રદેશમાં આવેલા ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા ગયા હતા, તે સમુદ્રથી લગભગ 1000 મીટરની ઊંચાઈએ આવેલું છે.''

## આપણે શું શીખ્યાં



- વર્ષ 2019ની માહિતી પ્રમાણે ગુજરાત રાજ્યમાં કુલ 33 જિલ્લા આવેલા છે.
- ગુજરાત રાજ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.
- ગુજરાત રાજ્યનો દરિયાકિનારો 1600 કિમી લાંબો છે.
- ગુજરાત રાજ્યની નદીઓ અને તેમની સિંચાઈ યોજનાઓ
- ગુજરાત રાજ્યના મુખ્ય પાક
- ગુજરાત રાજ્યનાં જોવાલાયક સ્થળો, ઉદ્યોગો અને શિલ્પસ્થાપત્યો

**શિક્ષક માટે :** ગુજરાતમાં વિકાસ પામેલી પશુપાલનની પ્રવૃત્તિને કારણે આઝાદી પૂર્વે અને આઝાદી પછી ગ્રામ્યજીવનમાં આવેલ નીચેના ફેરફારો વિશે વર્ગમાં સાથે ચર્ચા કરો :

- જીવનધોરણ
- આર્થિક સ્થિતિ
- રહેણીકરણી
- સામાજિક જીવન વગેરે

## નોંધ